Saturday, 22 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



અહિંસા જ ધર્મ છે, અને તે જ જીવનનો એક માર્ગ છે.
-મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૪ ● સંવત-૨૦૮૨ માગશર સુદ બીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણમાં પંચાયતી રાજ સચિવ નિખિલ દેસાઈએ જિલ્લા પંચાયત સભ્યોને પદ અને ગોપનિયતાના લેવડાવ્યા શપથ





### નવા વિચાર, નવા જોશ સાથે જિલ્લા પંચાયતની નવી ટીમ ગ્રામીણ વિકાસ માટે તત્પર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૧**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ આજે દમણ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા તમામ ૧૬ સભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા.

દમણ જિલ્લા પંચાયતના સભાખંડમાં આજે સંઘપ્રદેશના પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈના અધ્યક્ષ સ્થાને મળેલ જિલ્લા પંચાયતની વિશેષ સભામાં સંયુક્ત સચિવ પંચાયતી રાજ અને દમણ જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી આશિષ મોહન પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ તમામ નવા ચૂંટાયેલા જિલ્લા પંચાયત સભ્યોને શુભેચ્છા પાઠવી હતી અને જિલ્લા પંચાયતના સભ્ય તરીકે તેમની જવાબદારીઓ અને કાર્ય વિશે ટૂંકમાં માહિતી પણ આપી હતી. તેમણે ભારત સરકારની વિવિધ યોજનાઓના સફળ કાર્યાન્વયન અને પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યકલાપને સમજવા માટે તાલીમ શિબિરનું પણ આયોજન હાથ ધરવાના હોવાની જાણકારી આપી હતી.

આ પ્રસંગે સંયુક્ત સચિવ પંચાયતી રાજ શ્રી આશિષ મોહને પણ ચૂંટાયેલા તમામ જિલ્લા પંચાયત સભ્યોને શુભેચ્છા પાઠવી વ્યાપક જનહિતમાં કામ કરવા પ્રેરણા આપી હતી.

પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ તમામ ૧૬ સભ્યોને એક પછી એક ક્રમશઃ શપથ ગ્રહણ કરાવ્યા હતા.

દમણ જિલ્લા પંચાયતની નવી ટીમ, નવા વિચાર, નવા જોશ સાથે ગ્રામીણ વિકાસના કામમાં તત્પર બનશે એવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

## દમણની તમામ ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યોએ લીધેલા પદ અને ગોપનિયતાના શપથ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૧:** દમણ જિલ્લા પ્રશાસન દ્વારા આજે જિલ્લાની તમામ ૧૬ ગ્રામ પંચાયતોના સરપંચો અને પંચાયત સભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. સવારે ૧૦:૩૦ વાગ્યાથી જુદા જુદા સમયે વિવિધ પંચાયતોમાં શપથ લેવાના કાર્યક્રમનો આરંભ કરાયો હતો.

પ્રશાસન દ્વારા નિયુક્ત નોડલ ઓફિસરોએ નિર્દિષ્ટ સમયમાં પંચાયત કાર્યાલય પહોંચી લોકશાહીના મહાપર્વની અંતિમ પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. મોટી દમણની ૪ અને નાની દમણની ૧૨ મળી કુલ ૧૬ ગ્રામ પંચાયતોમાં સરપંચોની સાથે તમામ પંચાયત સભ્યોએ પણ શપથ ગ્રહણ કરી લોકો દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીને આગામી પાંચ વર્ષમાં સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે નિભાવવાની ખાત્રી આપી હતી.

## કડૈયા ગ્રા.પં.ના સરપંચ તરીકે હેટ્રિક મારનારા શંકરભાઈ પટેલનું ટેકેદારોએ કરેલું ભવ્ય સન્માન

### સરપંચ શંકરભાઈ પટેલે 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર સાથે પંચાયત વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ફરી એક વાર આપેલો કોલ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૧**

દમણની કડૈયા ગ્રામ પંચાયતના નવનિર્વાચિત સરપંચ શ્રી શંકરભાઈ પટેલનું આજે પદ અને ગોપનિયતાના શપથ લીધા બાદ તેમના ટેકેદારોએ ભવ્ય સન્માન કર્યું હતું.

કડૈયા ગ્રામ પંચાયતના નવનિર્વાચિત સરપંચ શ્રી શંકરભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો અને જિલ્લા પંચાયત સભ્ય શ્રી હર્ષલ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કડૈયા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સતત ત્રણ ટર્મથી એટલે કે, સરપંચ પદની હેટ્રિક મારવા સફળ રહેલા શ્રી શંકરભાઈ પટેલે 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર સાથે પંચાયત વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ફરી એક વાર કોલ આપ્યો હતો.

## દમણવાડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે કલ્પનાબેન હળપતિએ શપથ ગ્રહણ કર્યા

### નવનિર્વાચિત જિ.પં. સભ્ય મુકેશ ગોસાવીએ સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા થનાર ઔર વધુ તેજ વિકાસમાં દમણવાડાનું પણ મજબૂત સ્થાન રહેશે એવો પ્રગટ કરેલો વિશ્વાસ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૧**

દમણવાડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે શ્રીમતી કલ્પનાબેન હળપતિએ આજે શપથ ગ્રહણ કર્યા બાદ આયોજીત સમારંભમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીજ્ઞેશભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલનો સરપંચ તરીકે તક આપવા બદલ આભાર પ્રગટ કર્યો હતો.

આ પ્રસંગે આયોજીત સમારંભમાં દમણવાડા વિભાગના નવનિર્વાચિત જિલ્લા પંચાયત સભ્ય શ્રી મુકેશ ગોસાવીએ જણાવ્યું હતું કે, સરપંચ તરીકે આપણે શ્રીમતી કલ્પનાબેન નરેશભાઈ હળપતિને બિનહરિફ વિજેતા બનાવી પંચાયતને સમરસ કરવા બદલ દમણવાડાની જનતાનો આભાર પ્રગટ કર્યો હતો. તેમણે જિલ્લા પંચાયતના સભ્ય તરીકે વિજેતા બનાવવા બદલ પણ દમણવાડાની જનતાનું ઋણ અદા કર્યું હતું અને આવતા દિવસોમાં સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા થનારા ઔર વધુ તેજ વિકાસમાં દમણવાડાનું પણ સ્થાન રહેશે એવો વિશ્વાસ પણ પ્રગટ કર્યો હતો. આ પ્રસંગે ચૂંટાયેલા તમામ ગ્રામ પંચાયત સભ્યો, ગામના આગેવાનો તેમજ પંચાયતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## સોમનાથ ગ્રામ પંચાયતને મોડેલ ગ્રામ પંચાયત તરીકે વિકસિત કરવા નવનિર્વાચિત સરપંચ વર્ષિકાબેન પટેલનો નિર્ધાર




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૧**

સોમનાથ ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી વર્ષિકાબેન પિયુષભાઈ પટેલનું શપથ ગ્રહણ કર્યા બાદ પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા અને પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલે ગુલદસ્તો આપી અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે સરપંચ શ્રીમતી વર્ષિકાબેન પટેલનું અભિવાદન કરવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી વર્ષિકાબેન પટેલે સંઘપ્રદેશ પ્રશાસનના સહયોગથી સોમનાથ ગ્રામ પંચાયતને એક મોડેલ ગ્રામ પંચાયત તરીકે વિકસિત કરવા પોતાનો વિશ્વાસ પ્રગટ કર્યો હતો.

## કચીગામના નવનિર્વાચિત સરપંચ ફાલ્ગુનીબેન પટેલે સેલ્ફ હેલ્પ ગ્રુપના માધ્યમથી પંચાયતની બહેનોને આત્મનિર્ભર બનાવવા વ્યક્ત કરેલો સંકલ્પ

### વિજય સરઘસમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા અને પ્રદેશ ભાજપ મહામંત્રી જીગ્નેશભાઈ પટેલે પણ લીધેલો ભાગ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૧**

કચીગામ ગ્રામ પંચાયતના નવનિર્વાચિત સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલે આજે વિધિવત પોતાનો અખત્યાર સંભાળ્યા બાદ તેમના સન્માન માટે લોકોની લાંબી કતાર લાગી હતી અને વિજય સરઘસ પણ કાઢવામાં આવ્યું હતું.

કચીગામના સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલને સત્કારવા માટે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા અને પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહી વિજય સરઘસમાં જોડાયા હતા.

આ પ્રસંગે કચીગામના સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલે ખાસ કરીને મહિલા સશક્તિકરણ ઉપર જોર આપી આવતા દિવસોમાં સેલ્ફ હેલ્પ ગ્રુપના માધ્યમથી પંચાયત વિસ્તારની મહિલાઓને આત્મનિર્ભર કરવા પોતાનું આયોજન હોવાનું જણાવ્યું હતું.




## સુવિચાર - સદ્‌વિચાર

મિત્રતા એ સાચા સંબંધોનો આધાર છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### અધિક છે વેદથી પણ જ્ઞાનનો વિસ્તાર આંસુમાં

અધિક છે વેદથી પણ જ્ઞાનનો વિસ્તાર આંસુમાં,
છુપાયો છે છૂપી રીતે જગત-કિરતાર આંસુમાં.

કહીં આનંદથી ઊભરે, કહીં પર શોકથી વહેતાં,
તરે છે ને ડૂબે છે આ સકળ સંસાર આંસુમાં.

ભૂમિ, આકાશ ને પાતાળમાં પણ ધૂમ છે એની,
ખબર નહોતી હશે આવી અસર બે-ચાર આંસુમાં.

હજારો આશ અંતરની વસી છે બુંદ પાણીમાં,
હું એનો આ જ શોધું છું ડૂબીને સાર આંસુમાં.

હૃદય જે બા'ર આવે છે હશે એમાં હૃદયમૂર્તિ,
જરા તું ધ્યાનથી જો તો ખરો પળવાર આંસુમાં.

વ્યથા એને ન થાયે એ જ ચિંતા થાય છે એથી,
હૃદયનો શોક ચમકે છે બની શણગાર આંસુમાં.

લડે છે હર ઘડી આશા નિરાશા મુજ હૃદયમાંહી,
કરે છે બા'ર આવીને પરસ્પર પ્યાર આંસુમાં.

નથી નિશ્રવાસમાં 'શયદા' નથી મારા તડપવામાં,
કથા મારા જીવનની છે ફક્ત બે-ચાર આંસુમાં

- શયદા

## આજની જોક

એક છોકરી : 'મને તો ભણેલોગણેલો પતિ મળે એટલે બસ. તને કેવો પતિ જોઈએ છે ?'
બીજી છોકરી : 'મને તો આમ ખાસ કોઈ ઈચ્છા નથી. મને કરોડપતિ, પ્રેમાળ અને મને ખુશ રાખી શકે તેવો પતિ મળે તેટલું જ પૂરતું !'

## કબીર વાણી

**હરિકી ભક્તિ કર, તજ માયાકી ચોજ;**
**બેર બેર ન પાઈયે, મનખા જનમકી મોજ.**

**- અર્થાત-**

(૧) માયા એટલે જે વસ્તુ ભુત, ભવિષ્ય, વર્તમાન આદી ત્રણ કાળમાં છેજ નહિ તેને છે એમ માનવું તે માયા.
(૨) ઈંદ્રિઓને મોજ આપતી વસ્તુઓ, સુખ આપનારી છે, ને તે સુખ ખરૂં છે યાને હંમેસાં ટકનારૂં છે એમ માનવું તે માયા.
(૩) જીવની આસપાસ ઘેરો નાંખી, તેનું (આત્મસ્વરૂપ) પોતાનું ખરૂ સ્વરૂપ જોતાં અટકાવ કરે છે, તે માયા.

માયાની ખોટી વસ્તુઓની ઈચ્છા તું મુકી દે અને પરમેશ્વરની સેવા કર, કારણ કે મનુષ્યના અવતાર રૂપી મજાહ ફરી ફરીથી મળતી નથી; તે મેળવવાને બહુ મુશ્કેલી પડે છે.

## આજનો દિન વિશેષ

### રૂખમાબાઈ



રૂખમાબાઈ (૨૨ નવેમ્બર ૧૮૬૪ - ૨૫ સપ્ટેમ્બર ૧૯૫૫) એક ભારતીય ચિકિત્સક અને નારીવાદી હતા. તેણી વસાહતી ભારતમાં પ્રથમ પ્રેક્ટિસ કરતી મહિલા ડોક્ટરોમાંની એક તરીકે તેમજ ૧૮૮૪ અને ૧૮૮૮ ની વચ્ચે બાળવધૂ તરીકે તેમના લગ્નને સંડોવતા સીમાચિહ્ન કાનૂની કેસમાં સામેલ થવા માટે જાણીતી છે.

આ કિસ્સાએ ઘણા વિષયો પર નોંધપાત્ર જાહેર ચર્ચા ઉભી કરી હતી, જે મોટાભાગે બ્રિટિશ-શાસિત ભારત અને ઈંગ્લેન્ડ બંનેમાં કાયદો વિરુદ્ધ પરંપરા, સામાજિક સુધારણા વિરુદ્ધ રૂઢિચુસ્તતા અને નારીવાદનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ આખરે ૧૮૯૧ માં સંમતિની વય કાયદામાં ફાળો આપ્યો.

## બાળવાર્તા

### રાજાને સપનાએ બચાવ્યો!!



એક રાજ્યમાં એક રાજા રાજ કરતો હતો. કેટલાક દુશ્મનોએ રાજાને મારવાનું કાવતરું કર્યું. રાજા સુતા હતા ત્યાં છરો લઈ પહોંચી ગયા અને રાજાના કમરાની બહાર સંકોચાઈને-સંતાઈને બેસી ગયા.

બરાબર ત્યારે જ રાજાને સપનું આવ્યું. એણે સપનામાં એક બતક જોયું. બતક શરીર સંકોચીને પાણીમાં બેઠું હતું. રાજા ઊંઘમાં જ બોલ્યો

"કુક્કડ મુક્કડ બેઠા છે."

ખૂનીઓ ચમકી ગયા કે રાજા જાણી ગયો છે કે તેઓ બહાર બેઠા છે?

ખૂનીઓ સાવચેતીથી કમરામાં જવા જમીન ખોદવા લાગ્યા. બરાબર ત્યારે જ રાજાએ સપનામાં કૂતરું જોયું જે જમીન ખોદતું હતું. રાજા ઊંઘમાં જ બોલ્યો:

"ખદબદ ખદબદ ખોદે છે."

ખૂનીઓ સમજ્યા કે રાજા તેમને જોઈ ગયો લાગે છે. ખૂનીઓ ગભરાઈ ગયા અને ભાગ્યા. બરાબર ત્યારે જ રાજાએ સપનામાં ઘોડો જોયો જે દોડતો હતો. રાજા ઊંઘમાં જ બોલ્યો:

"ધડબડ ધડબડ દોડે છે."

હવે તો ખૂનીઓને લાગ્યું કે રાજા એમને જોઈ જ ગયો છે એટલે એમને પકડીને ફાંસી જ આપી દેશે. ખૂનીઓ રાજ્ય છોડીને જ ભાગી ગયા. આમ રાજાને સપનાં આવ્યાં એમાં અનાયાસે જ રાજા બચી ગયો!

---

### કોર્ટે ચૂંટણી પંચ પાસે માંગ્યો જવાબ

# SIR સામે ફરી એકવાર સુપ્રીમ કોર્ટમાં અરજી

## બેન્ચે નિર્દેશ આપ્યો કે, કેરળમાં SIRને પડકારતી અરજીઓ ૨૬ નવેમ્બરના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧**

કેરળ, ઉત્તર પ્રદેશ અને અન્ય બીજા રાજ્યોમાં મતદાર યાદીઓના SIR હાથ ધરવાના ચૂંટણી પંચના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. શુક્રવારે સુપ્રીમ કોર્ટે SIR સંબંધિત અરજીઓની સુનાવણી માટે સંમતિ આપી.

ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ SVN ભટ્ટી અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી બેન્ચે ચૂંટણી પંચને નોટિસ જાહેર કરી છે. વિવિધ રાજ્યોમાં અલગ-અલગ આધારો પર SIR કવાયતને પડકારતી વિવિધ નેતાઓની તમામ નવી અરજીઓ પર આજે સુનાવણી કરવામાં આવી.

કેરળમાં SIRને પડકારતી એક અરજદાર તરફથી સિનિયર વકીલ કપિલ સિબ્બલે જણાવ્યું કે, રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પણ થવાની છે. એટલા માટે આ બાબત પર તાત્કાલિક વિચારણા કરવાની જરૂર છે. બેન્ચે નિર્દેશ આપ્યો કે, કેરળમાં SIRને પડકારતી અરજીઓ ૨૬ નવેમ્બરના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવે. અન્ય બીજા રાજ્યોમાં આ કવાયતને પડકારતી બાકીની અરજીઓ ડિસેમ્બરના પહેલા કે બીજા અઠવાડિયામાં સાંભળવામાં આવશે.

સુપ્રીમ કોર્ટ પહેલાથી જ સમગ્ર ભારતમાં SIR કરવાના ચૂંટણી પંચના નિર્ણયની માન્યતાને પડકારતી અરજીઓની એક બેન્ચ પર સુનાવણી કરી રહી છે. આ બેન્ચે ૧૧ નવેમ્બરના રોજ ડીએમકે, સીપીઆઈ(એમ), પશ્ચિમ બંગાળ કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસના નેતાઓની અરજીઓ પર કમિશન પાસેથી અલગ-અલગ જવાબો માંગ્યા હતા. આ અરજીઓમાં તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના SIRને પડકારવામાં આવી હતી.

બીજી તરફ કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, મતદાર યાદીઓનો SIR આદિવાસીઓને ચૂંટણી પ્રક્રિયામાંથી બાકાત રાખવાનું ઈરાદાપૂર્વકનું કાવતરું છે.

પાર્ટીના આદિવાસી વિભાગના પ્રમુખ વિક્રાંત ભૂરિયાએ એમ પણ કહ્યું કે, આદિવાસીઓ માટે એક સ્થળાંતર નીતિ સ્થાપિત થવી જોઈએ. તેમણે મધ્યપ્રદેશમાં સિવિલ જજ પરીક્ષા ૨૦૨૨ના પરિણામો પર પણ પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, એક પણ આદિવાસીની પસંદગી કરવામાં આવી નથી, જે અનામતને દૂર કરવાનો એક માર્ગ છે.

---

## સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ CM સ્ટાલિનની પ્રતિક્રિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧**

તામિલનાડુ વિ. રાજ્યપાલના કેસમાં રાષ્ટ્રપતિના રેફરન્સ પર સુપ્રીમે પોતાનો જ નિર્ણય બદલીને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે કહ્યું છે કે, રાષ્ટ્રપતિ-રાજ્યપાલને સહી કરવા આદેશ ન આપી શકાય. ત્યારે સુપ્રીમ કોર્ટના વલણ બાદ તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન પ્રતિક્રિયા આપી છે.

મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને કહ્યું છે કે, 'જ્યાં સુધી બંધારણમાં ફેરફાર કરીને રાજ્યપાલો દ્વારા બિલ મંજૂરીની સમય મર્યાદા નિશ્ચિત કરવામાં નહીં આવે, ત્યાં સુધી હું પીછેહટ નહીં કરું. અમે રાજ્યના અધિકારો અને સાચા સંઘીય માળખા માટે સંઘર્ષ ચાલુ રાખીશું. સુપ્રીમ કોર્ટે ૮ એપ્રિલ-૨૦૨૫ના રોજ 'તમિલનાડુ સરકાર વિરુદ્ધ રાજ્યપાલ' કેસમાં જે આદેશ પસાર કર્યો છે, તેના પર ૨૦ નવેમ્બરે આપવામાં આવેલી સલાહની કોઈ અસર થશે નહીં.'

સ્ટાલિને કહ્યું કે, 'કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, રાજ્યમાં ચૂંટણીમાં જનતાના મત દ્વારા ચૂંટાયેલી સરકારને જ નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ. તેથી, રાજ્યમાં કારોબારી નિર્ણયોના બે અલગ કેન્દ્રો હોઈ શકે નહીં. રાજ્યપાલ પાસે બિલ રોકવાનો અથવા પૉકેટ વીટો કરવાનો કોઈ વિકલ્પ નથી. તેઓ કારણવગર બિલ ન અટકાવી શકે. રાજ્યપાલ પાસે એવો ચોથો વિકલ્પ પણ નથી, કે તેઓ બિલ લટકાવીને રાખે.' રાષ્ટ્રપતિના રેફરન્સ પર સુપ્રીમ કોર્ટે પોતાનો જ નિર્ણય બદલીને ૨૦ નવેમ્બરે ઐતિહાસિક ચૂકાદો આપ્યો હતો. રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલને સંસદ અથવા વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને નિશ્ચિત સમય મર્યાદામાં પસાર કરવાની ફરજ પાડી શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે ગુરુવારે પોતાનો જ નિર્ણય બદલતા એક ઐતિહાસિક ચૂકાદામાં કહ્યું હતું. જોકે, બંધારણીય બેન્ચે કહ્યું કે, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ અનિશ્ચિત સમય સુધી કોઈ બિલ પેન્ડિંગ રાખી શકે નહીં. તેમણે ભારતના સહકારી સંઘવાદમાં બિલો અંગે સંસદ અથવા વિધાનસભા સાથે સંવાદ કરવો જોઈએ. વધુમાં તેમના તરફથી કોઈ બિલ અંગે નિર્ણય લેવામાં ખૂબ જ વિલંબ થતો હોય અથવા કારણ બતાવ્યા વિના તેને રોકી રખાયું હોય તો કોર્ટ ન્યાયિક સમીક્ષા માટે મર્યાદિત દખલ કરી શકે છે.

---

# ORSના નામ પર માર્કેટમાં વેચાતા તમામ ડ્રિંક્સને હટાવવાનો આદેશ : જો કોઈ વેચતા પકડાશે તો કાર્યવાહી થશે

## ફૂડ અથવા ડ્રિંક બ્રાન્ડના નામ પર ORS લખવું ખોટી બાબત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧**

ઠંડા-ઠંડા, મીઠા-મીઠા પીવાના નામ પર જો આપને પણ ORS લખેલું કોઈ ડ્રિંક દુકાનમાં દેખાય તો હવે સાવધાન થઈ જજો. બની શકે કે આપને ORS કહીને કોઈ ફળના રસવાળા પેય, એનર્જી ડ્રિંક્સ, ઈલેક્ટ્રોલાઈટ ડ્રિંક્સ અને રેડી ટૂ સર્વ ડ્રિંક્સ વેચી રહ્યા હોય. આ ખેલને ખતમ કરવા માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ અથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે એફએસએસએઆઈ એક્શન મોડમાં આવ્યું છે. દેશભરમાં વેચાઈ રહેલા આવા પેય જેને કંપનીઓ ORSના નામ પર વેચી રહી હતી, હવે બજાર અને ઓનલાઈન પ્લેટફોર્મ પરથી તરત હટાવવાનો આદેશ જાહેર કરી દીધો છે.

એફએસએસએઆઈએ ઝાટકીને કહ્યું છે કે, ORS શબ્દ ખાલી WHO તરફથી નક્કી કરેલા અસલી ORS માટે ઉપયોગ કરી શકાશે. જે દવાની કેટેગરીમાં આવે છે. એટલા માટે કોઈ પણ ફૂડ અથવા ડ્રિંક બ્રાન્ડનું પોતાના નામે ORS લખવું કાયદાકીય ઉલ્લંઘન છે. આ કાર્યવાહી એવા સમયે થઈ છે, જ્યારે જાણવા મળ્યું કે પહેલાથી આપેલા નિર્દેશ (૧૪ અને ૧૫ ઓક્ટોબર) છતાં ઘણી કંપનીઓ ORSના નામવાળી ભ્રમિત પ્રોડક્ટ વેચતી રહી છે. કેટલાય સ્ટોર્સ, સુપરમાર્કેટ અને ઓનલાઈન પ્લેટફોર્મ પર આવી પ્રોડક્ટ્સ હજુ પણ વેચાઈ રહી હતી, જેનાથી ગ્રાહકોને અસલી ORS અને નકલી ORS જેવા પેયની વચ્ચે ભ્રમ વધારી રહ્યા હતા.

FSSAIએ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપ્યા છે કે તે ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને દુકાનો પર તરત નિરીક્ષણ કરે. સાથે જ ખોટી પ્રોડક્ટ હટાવવા, કંપનીઓ પર રેગ્યુલેટરી એક્શન લેવા અને રિપોર્ટ મોકલવાના નિર્દેશ આપ્યા છે.

આ અભિયાન એક બાળ રોગ નિષ્ણાત ડો. સિવરંજનિ સંતોષની ૮ વર્ષની લાંબી લડાઈનું પરિણામ છે. સંતોષે મીઠા પેયને ORS બતાવીને વેચવા માટે સતત અભિયાન ચલાવ્યું.

FSSAIએ એવું પણ સ્પષ્ટ કર્યું કે, અસલી WHO સ્ટાન્ડર્ડવાળા ઓઆરએસ દવાઓ પર આ નિયમ લાગૂ નહીં થાય. અસલી ORS ને ન તો જપ્ત કરવામાં આવે. આ દવા કેટેગરીમાં આવે છે અને તેનું વેચાણ સંપૂર્ણપણે કાયદાકીય અને નિયંત્રિત છે.

---

### દિલ્હી બ્લાસ્ટ કેસ મામલે ચોંકાવનારો ખુલાસો

# કાશ્મીરની હોસ્પિટલોને હથિયારોનું ભંડાર કેન્દ્ર બનાવવા માટેનું ષડયંત્ર

## જૈશ-એ-મોહમ્મદે જમ્મુ-કાશ્મીરની અનેક હોસ્પિટલોને હથિયારોનું ભંડાર કેન્દ્ર બનાવવાનું ષડયંત્ર રચ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧**

દિલ્હીના લાલ કિલ્લા પાસે કાર બોંબ વિસ્ફોટની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ની તપાસ મુજબ, જે રીતે હમાસ ગાઝાની અલ-શિફા હૉસ્પિટલમાં હથિયારો જમા કરતો હતો, તે રીતે આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદે જમ્મુ-કાશ્મીરની અનેક હૉસ્પિટલોને હથિયારોનું ભંડાર કેન્દ્ર બનાવવાનું ષડયંત્ર રચ્યું હતું. જૈશનું આતંકી મૉડ્યુલ બારામુલા, અનંતનાગ અને બડગામની અનેક હૉસ્પિટલોને હથિયારોના ભંડાર કેન્દ્રમાં બદલવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

NIA સૂત્રોના જણાવ્યા મુજબ, કાર વિસ્ફોટમાં ધરપકડ કરાયેલા ડૉ. અદીલ રાઠરની પૂછપરછ કરવામાં આવ્યા બાદ, હમાસ અને જૈશના કેડરો વચ્ચે સંબંધો વધ્યા હોવાની માહિતી મળી છે, તેના પરથી સંભાવના છે કે, હમાસ જૈશના આતંકી મૉડ્યુલને ટેકનીકલ મદદ કરી રહ્યો હતો. જૈશના 'ડૉક્ટર આતંકી મૉડ્યુલે' અનંતનાગ, શ્રીનગર, બારામુલા અને નૌગામની હૉસ્પિટલને ઘાતક હથિયારોનું ભંડાર કેન્દ્ર બનાવાવનું ષડયંત્ર રચ્યું હતું. આ માહિતી સામે આવ્યા બાદ પોલીસે કાશ્મીરની અનેક હૉસ્પિટલોમાં દરોડા પાડ્યા છે, જેમાં આરોપી ડૉક્ટરોના લોકરમાંથી હથિયારો મળી આવ્યા છે.

ગુજરાતી ATSએ અગાઉ ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. તેમાં હૈદરાબાદનો ડૉ. અહમદ સૈયદ પણ સામેલ હતો. એટીએસએ હૈદરાબાદ જઈને અહમદના ઘરે દરોડો પાડ્યો હતો, જેમાં તેના ઘરેથી મોટાપ્રમાણમાં આતંકવાદને લગતી વાંધાજનક સામગ્રીઓ મળી આવી હતી.

ડૉ. અહમદના ભાઈ ઉમરે કહ્યું કે, ૧૦ લોકો બુધવારે બપોરે આવ્યા હતા અને ત્રણ કિલો એરંડાનો ગૂદો (પલ્પ), પાંચ લિટર એસિટોન, કોલ્ડ પ્રેસ ઓઈલ એક્સટ્રેક્શન મશીન અને એસિટોનની ડિલિવરીવાળી એક રસીદ લઈ ગયા હતા. તેણે એમ પણ કહ્યું કે, અહમદે ચીનમાંથી મેડિકલનો અભ્યાસ કર્યો છે. અહમદને કોઈએ પ્રોજેક્ટ આપ્યો હતો.

અત્રે જણાવી દઈએ કે, એરંડાના ગુદામાંથી ખૂબ જ ઝેરીલું રિસિન બનાવવામાં આવે છે. ઉમરનું કહેવું છે કે, તેને નથી લાગતું કે તેના ભાઈ અહેમદને રિસિનના ખતરનાક ઝેર વિશે ખબર હોય.

---

# અયોધ્યાથી પરત ફરી રહેલી તીર્થયાત્રીઓની બસ ખીણમાં ખાબકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પટણા, તા.૨૧**

બિહારમાં પટણાના પૂરગ્રસ્ત વિસ્તારમાં આવેલા મોકામા ફોરલેન પર શુક્રવારે (૨૧મી નવેમ્બર) વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અયોધ્યાથી સિમરિયા ધામ પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી બસે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા તે ૨૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં એક મહિલા શ્રદ્ધાળુનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય ૨૫ જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અહેવાલો અનુસાર, બસમાં સવાર તમામ ૪૫ શ્રદ્ધાળુઓ મધુબની જિલ્લાના રહેવાસી હતા અને અયોધ્યાની મુલાકાત લીધા પછી સિમરિયા ધામ જવા રવાના થયા હતા.

બસ બરહાપુર બાયપાસ નજીક પહોંચી ત્યારે ડ્રાઈવરને અચાનક ઝોકું આવી ગયું હતું, જેના કારણે વાહન પરનો કાબૂ છૂટી ગયો અને બસ સીધી ખીણમાં ખાબકી હતી.

અકસ્માત સર્જાતાની સાથે જ હોબાળો મચી ગયો હતો. સ્થાનિક રહેવાસીઓ તાત્કાલિક બચાવ કાર્યમાં જોડાયા હતા અને મોકામા પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. મોકામા પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિકોની મદદથી તમામ ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક મોકામા ટ્રોમા સેન્ટર અને રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---

### ચાર વર્ષ બાદ પ્રતિબંધ હટ્યો

# ભારતે ચીની નાગરિકો માટે ફરી શરૂ કર્યા 'Tourist VISA'

## આ નિર્ણય બંને દેશો વચ્ચે સરહદ તણાવ સામાન્ય બનાવવાના દિશામાં એક મહત્ત્વનું પગલું મનાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૧**

ભારતે ચાર વર્ષના પ્રતિબંધ બાદ ફરી ચીની નાગરિકો માટે પ્રવાસી વિઝા શરૂ કર્યા છે. આ સુવિધા વિશ્વભરમાં સ્થિત ભારતીય દૂતાવાસો અને વાણિજ્ય દૂતાવાસો મારફતે તાત્કાલિક અસરથી ફરીથી શરૂ કરી દેવામાં આવી છે. મીડિયા રિપોર્ટ મુજબ, લગભગ ચાર વર્ષના પ્રતિબંધ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારતનો આ નિર્ણય બંને દેશોના સંબંધો મામલે ખૂબ મહત્ત્વનો માનવામાં આવે છે. આ નિર્ણય બંને દેશો વચ્ચે સરહદ તણાવ સામાન્ય બનાવવાના દિશામાં એક મહત્ત્વનું પગલું મનાય છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦ના એપ્રિલ-મે મહિનામાં લદ્દાખમાં LAC પર ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઘર્ષણ થયું હતું. ગલવાન ખીણમાં હિંસક અથડામણ થયા બાદ બંને દેશોના સંબંધો ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચી ગયા હતા. બંને દેશો વચ્ચે વિવાદ વધુ વકર્યા બાદ ભારતે ચીની નાગરિકો માટેના ટુરિસ્ટ વિઝા પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ, વિશ્વભરના ભારતીય દૂતાવાસો અને વાણિજ્ય દૂતાવાસોએ ચીનના પાસપોર્ટ ધારકોને પ્રવાસી વિઝા આપવાની અરજી સ્વિકારવાની શરૂ કરી દીધી છે. જોકે આ મામલે સરકાર દ્વારા કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

### ભારત-ચીન દ્વારા લેવાયેલા મહત્ત્વના નિર્ણયો

**સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ :** ઓક્ટોબર ૨૦૨૪થી ભારત અને ચીન વચ્ચેની સીધી કોમર્શિયલ ફ્લાઈટ્સ ફરી શરૂ કરવામાં આવી છે, જે ૨૦૨૦ ની શરૂઆતથી બંધ કરાઈ હતી.

**ધાર્મિક યાત્રા :** કૈલાસ માનસરોવર યાત્રાને પણ ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**વિઝા સરળતા :** પ્રવાસીઓ માટે વિઝા મેળવવાની પ્રક્રિયાઓ વધુ સરળ બનાવવામાં આવી છે.

**રાજદ્વારી સમારોહ :** બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

**પ્રવાસી વિઝા :** જુલાઈ ૨૦૨૪માં ભારતે બેઈજિંગ, શાંઘાઈ, ગુઆંગઝુ અને હોંગકોંગમાં તેના મિશનો દ્વારા મર્યાદિત ધોરણે ટૂરિસ્ટ વિઝા આપવાનું શરૂ કર્યું હતું, જેને હવે વૈશ્વિક સ્તરે શરૂ કરી દેવાયું છે.

---

# સમીર દત્તાનીએ MATEXIL ખાતે ટેકનિકલ ટેક્સટાઈલમાં નવીનતા, વ્યાપ અને ટકાઉપણા પર પ્રકાશ પાડ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૧**





સનાથન ટેક્સટાઈલ્સે બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં યોજાયેલા ટેકટેક્સટીલ ઈન્ડિયા ૨૦૨૫માં ભાગ લીધો હતો, જેમાં તેની વિસ્તૃત કરવામાં આવેલી ક્ષમતાઓ, ઉત્પાદનની નવી માળખાગત સુવિધાઓ અને ટેકનિકલ ટેક્સટાઈલ્સ અને સ્પોર્ટસ- ટેકએપ્લિકેશન્સમાં મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

ટેકટેક્સટિલ ઈન્ડિયા ૨૦૨૫માં, સનાથન ટેક્સટાઈલ્સે ઉદ્યોગમાં સૌથી ઝડપથી વિકસતા સેગમેન્ટમાં ના એક, ટેકનિકલ ટેક્સટાઈલ્સ માટે યાર્નની વ્યાપક શ્રેણીનું પ્રદર્શન કર્યું, જે ઈન્ડસ્ટ્રીમાં સૌથી ઝડપથી વિકસતા સેગમેન્ટમાંથી એક છે અને આગામી વર્ષોમાં તેમાં વિસ્તરણ થવાની ધારણા છે. સનાથન ટેક્સટાઈલ્સ કન્સ્ટ્રક્શન ફેબ્રિક્સ, ઓટોમોટિવ કાપડ, લગેજ મટિરિયલ્સ, સેફટી સ્લિંગ, ઈન્ડસ્ટ્રીયલ નેટ્સ અને અન્ય હાઈ પર્ફોમન્સ એપ્લિકેશન્સમાં ઉપયોગમાં લેવાતા વિશિષ્ટ યાર્નની વ્યાપક રેન્જ ઓફર કરે છે. સ્પોર્ટ્સ-ટેક કેટેગરીમાં, સનાથન ટેક્સટાઈલ્સ મોઈસ્ચર મેનેજમેન્ટ અને ડ્રાય-ફૂલ યાર્ન જેવા નવીન યાર્ન રજૂ કરી રહ્યું છે, જેનો સ્પોર્ટસવેર, જીમવેર, એથ્લેઝર અને પર્ફોર્મન્સ એપરલ માટે વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે. વધારાની ઓફર્સમાં સેલ્ફ-સ્ટ્રેચ યાર્ન અને ઈકો-ફ્રેન્ડલી રંગીન યાર્નનો સમાવેશ થાય છે, જે ટકાઉપણા અને કાર્યાત્મક પ્રદર્શન પર કંપનીના ફોકસને દર્શાવે છે.

વધુમાં, મેનમેઈડ એન્ડ ટેકનિકલ ટેક્સટાઈલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (MATEXIL) ખાતે, સનાથન ટેક્સટાઈલ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સમીર દત્તાની GenNext દ્વારા યોજાયેલી ટેકનિકલ ટેક્સટાઈલ નિકાસ માટેની સંભાવનાઓ અને ક્ષમતા અંગેની એક પેનલ ચર્ચામાં પણ સામેલ હતા. GenNext પેનલ ચર્ચામાં ભારતના ટેકનિકલ ટેક્સટાઈલ ક્ષેત્રના ઉભરતા અગ્રણીઓએ નિકાસની સંભાવના, નવીનતાના માર્ગો અને એડવાન્સ્ડ ટેક્સટાઈલ સોલ્યુશન્સ માટેની બદલાતી વૈશ્વિક માગનું અન્વેષણ કર્યું હતું.

સનાથન ટેક્સટાઈલ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સમીર દત્તાની સાથે, પેનલમાં શ્રી કનવ ઝુનઝુનવાલા (સરલા પર્ફોર્મન્સ ફાઈબર્સ લિમિટેડ), શ્રી ગૌતમ દાલમિયા (સ્ટ્રેટાજી ઓસિસ્ટમ્સ ઈન્ડિયા પ્રા. લિ.), શ્રી રાહુલ બજાજ (ખોસલા પ્રોફાઈલ પ્રા. લિ.), અને શ્રી અનીશ જીવરાજકા (જીવરાજકા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ) પણ ઉપસ્થિત હતા. સાથે મળીને, આગામી પેઢીના આગેવાનો એ ગ્લોબલ ટેકનિકલ ટેક્સટાઈલ્સમાં ભારતની સ્થિતિ મજબૂત કરવા માટે ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણ રજૂ કર્યા હતા.

# વાપીની પ્રજાનો રોષ : બ્રિજ અને અંડરપાસ નહી બનતા 'નો વોટ'ના મોટા બેનર સોસાયટીની બહાર લગાવ્યા




## રેલવે ફ્લાય ઓવરબ્રિજ અને અંડરપાસની કામગીરી વર્ષોથી ટલ્લે ચઢી છે તેથી અકળાયેલ પ્રજાનો ગુસ્સો સાતમા આસમાને જોવા મળ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપીની પ્રજામાં રેલવે ફલાય ઓવરબ્રિજ તેમજ અતુલ સોસાયટી સામેનો અંડરપાસ કામગીરી વર્ષોથી ટલ્લે ચઢી ચૂકી છે. તેનો રોષ ધીરે ધીરે ફેલાઈ રહ્યો છે. એક સોસાયટીના નાકાનો વોટ ના મોટા મોટા બેનર લગાવી પોતાનો રોષ પ્રગટ કર્યો છે.

વાપીનો રેલવે ફલાય ઓવરબ્રીજ અને અંડરપાસની કામગીરી ટલ્લે ચઢેલી છે. છેલ્લા દોઢ-બે વર્ષથી પ્રજાને ભારે હાલાકી ભોગવવી પડી છે. વારંવાર ફાટક બંધ અને પૂર્વ-પશ્ચિમ અવરજવર કરવા માટે અભિમન્યુના કોઠા વિંધવા જેવી રોજેરોજ મુસીબતો વેઠવી પડે છે. ૧૪૨ કરોડના ખર્ચે રેલવે ફલાય ઓવરબ્રિજની કામગીરી એક વર્ષમાં પુરી કરવાની હતી પરંતુ બે અઢી વર્ષ વિતી ગયા છતાં ઓવરબ્રિજની કામગીરી થઈ નથી. તેવી સ્થિતિ અતુલ સોસાયટી સામેના રેલવે અંડરપાસની પણ છે જેનો ગુસ્સો વેદના લોકોએ નો વોટ ના બેનરો લગાવી ઠાલવ્યો છે. બેનરમાં સ્પષ્ટ લખાણ છે નો બ્રિજ/અંડરબ્રિજ નો વોટ, વોટ ફોર નોટા ના બેનરો વાપીના લોકો ના ગુસ્સાને આ બેનર પ્રતિબિંબિત કરી રહ્યા છે. લોકોની સહનશક્તિ હવે ખૂટી રહી છે. જાગો પ્રશાસનનો આ સંદેશ છે.

# વાપી ચલા તબીબના બંગલામાં સાસુ વહુ ઉપર હૂમલો કરી લૂંટ ચલાવી ભાગે તે પહેલા પોલીસે લૂંટારુને ઝડપી લીધો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી ચલામાં ગુરૂવારે સાંજના ૬ વાગ્યાના સુમારે જાણીતા આંખના ડોક્ટરના બંગલામાં સનસનાટી મચાવી દેતી લૂંટની ઘટના ઘટી હતી. પરિચિત પ્લમ્બરે બંગલામાં હાજર સાસુ વહુ ઉપર ઘતકી હૂમલો કરી ઘાયલ કરી ઘરેણાની લૂંટ ચલાવી ભાગી છૂટે તે પહેલાં વાપી પોલીસે લૂંટારુને બંગલાના ટેરેસ ઉપરથી ઝડપી લીધો હતો.

વાપી ચલામાં લૂંટની સનસનીખેજ ઘટનાની વિગતો મુજબ વાપીમાં આંખની હોસ્પિટલ ધરાવતા ડો.ઉપેન્દ્ર રાવલ ગુરૂવારે સાંજના હોસ્પિટલમાં હતા ત્યારે બંગલામાં ડોક્ટરના પત્ની કુસુમબેન અને

**આંખના ડોક્ટર ઉપેન્દ્ર રાવલના બંગલાની ઘટના : ઓળખીતો પ્લમ્બર લૂંટ કરવા આવ્યો હતો**

સાસુ મધુકાન્તાબેન એકલા હતા તે સમયે ૧૦-૧૫ વર્ષથી ચિત પરિચિત પ્લમ્બર ઘરે આવ્યો હતો. મુખ્ય દરવાજો બંધ કરીને ઘાતકી હથિયાર વડે સાસુ વહુ ઉપર હૂમલો કરી કુસુમબેનના ગળાની ચેઈન ખેંચી ભાગવા માટે બંગલાના ટેરસ ઉપર ચઢી ગયો હતો. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા ૧૦ મિનિટમાં પોલીસ પહોંચી ગઈ હતી. ટેરેસનો દરવાજો તોડીને લૂંટારુ ઝાડ ઉપરથી નીચે ઉતરી જાય તે પહેલા રંગે હાથ ઝડપી લીધો હતો.

પોલીસે દાખવેલી પ્રશંસનીય સતર્કતાથી લૂંટારુ ઝડપાઈ ગયો હતો. ઘાયલ કુસુમબેનને ચલાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. ડો.રાવલના ઘરે ૧૦-૧૫ વર્ષથી લૂંટારુ પ્લમ્બીંગની કામગીરી કરતો હોવાથી ઘરની ગતિવિધીઓ જાણતો હોવાથી લૂંટ કરવાનો મનસુબો બનાવ્યો હતો.

# વાપી જીઆઈડીસીમાંથી ચોરાયેલી મોટરસાયકલ ચોરને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપી જીઆઈડીસી વિસ્તારમાં એક મોટરસાયકલ ચોરી થઈ હોવાના ગુનાના આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં શોધી કાઢી મોટરસાયકલ મુદ્દામાલ સાથે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસ ગુના ડિટેક્ટ કરવામાં નંબર વન કામગીરી કરી રહી છે. અનેક જટીલ ગુનાઓ પર પ્રાંત સુધી વિસ્તરીને આરોપીઓને દબોચી લીધાના અનેક ઉદાહરણો છે તેવુ જીઆઈડીસી પોલીસે બેસ્ટ પરફોમન્સનું ઉદાહરણ પુરુ પાડ્યું છે. જીઆઈડીસી વિસ્તારમાં એક મોટરસાયકલ ચોરીની ફરિયાદની શાહી પણ નહોતી સુકાઈ ત્યાં પોલીસે ગણતરીના કલાકોમાં બાઈક ચોર આરોપી અભયસિંહ ચંદેલસિંહ રહે.બાંદા ઉત્તર પ્રદેશને મોટરસાયકલના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# નાનાપોંઢા ખાતેથી સરદાર@૧૫૦ યુનિટી માર્ચ ૨૦૨૫ અંતર્ગત ૧૦ કિમીની પદયાત્રા નીકળી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

વલસાડ જિલ્લામાં કપરાડા વિધાનસભાના નાનાપોંઢા ખાતે ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યુનિટી માર્ચ, જનસભા તેમજ પદયાત્રાનો કાર્યક્રમ લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે વકતા તરીકે શ્રી લલિતભાઈ વકેરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મનહરભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી હેમંતભાઈ કંસારા સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો પદયાત્રામાં જોડાયા હતા. સવારે ૮-૦૦ વાગ્યાથી નીકળેલી આ પદયાત્રા નાનાપોંઢા હેલીપેડ મેદાનથી નીકળી હતી જે વડખંભા- પાનસ-ખુંટલી ફાટક થઈ નાનાપોંઢા બિરસામુંડા સર્કલ સુધી પહોંચી હતી. ૧૦ કિમીની આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકોએ સરદાર અમર રહોના નારા લગાવ્યા હતા.

## ચીખલીના સાદડવેલ ગામે વર્ષોથી બંધ પડેલી

# કાવેરી સુગરને બચાવવા કોંગ્રેસના ધારાસભ્ય અનંતભાઈ પટેલ મેદાને ઉતર્યા: ૨૬મીએ ખેડૂત આક્રોશ સભા યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૧**

એનસીડીસી દ્વારા કાવેરી સુગરની જમીનની હરાજી બાદ ખાનગી કંપનીને કબ્જો આપવાની હિલચાલના સમગ્ર વિસ્તારમાં ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. સ્થાનિક ખેડૂતો બાદ કાવેરી સુગરને બચાવવા કોંગ્રેસ પણ મેદાનમાં આવી છે. આગામી ૨૬-નવેમ્બરના બુધવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સાદડવેલ કાવેરી સુગરના મેદાનમાં ધારાસભ્ય અનંતભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શૈલેષભાઈ સહિતનાની ઉપસ્થિતિમાં ખેડૂત આક્રોશ સભા યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભાને સફળ બનાવવા કોંગ્રેસ દ્વારા બેઠકોનો દોર શરૂ કરી તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

નોંધનીય છે કે કાવેરી સુગરની સ્થાપનાના ૩૬ વર્ષના લાંબા ગાળામાં મહત્તમ ભાજપના શાસન રહ્યું હોવા છતાં અને કાવેરી સુગરનું બોર્ડ પણ ભાજપ સરકાર દ્વારા નિયુક્ત કરાયેલ હોવા છતાં સુગર ચાલુ કરવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે અને હાલે ભારત સરકારના સહકાર મંત્રાલયના તાબામાં આવતી એનસીડીસી દ્વારા કાવેરી સુગરની સાદડવેલ સ્થિત જમીનની હરાજી કરવામાં આવી છે. તેમાં પણ જમીનની બજાર કિંમત સામે ઓછી વેલ્યુએશન દર્શાવી અને વેલ્યુએશનની રકમ કરતા પણ ઘણી ઓછી રકમમાં જમીનની હરાજી કરી દઈ હરાજીમાં પણ મોટાપાયે ગેરરીતિ થઈ હોવાની પણ આશંકા ઉદ્દ્ભવી છે. ત્યારે હરાજીની સમગ્ર પ્રક્રિયાની તટસ્થ તપાસ થાય તો હકીકત બહાર આવી શકે પરંતુ સરકાર દ્વારા તેમાં પણ મૌન સેવવામાં આવી રહ્યું છે. ભાજપ સરકાર એક તરફ ખેડૂતોના મસિહા હોવાના દાવા કરે છે. બીજી તરફ હજારો ખેડૂતોના હિત ધરાવતી કાવેરી સુગર શરૂ કરવામાં આખાડા કરી બેવડા ધારા ધોરણો અખત્યાર કરવામાં આવી રહ્યા છે.જેને લઈને લોક રોષ આસમાને છે.






**ભાજપાનો વિકાસ બંધ પડ્યો છે જ્યારે કોંગ્રેસ બંધ પડેલો વિકાસ ચાલું કરાવવા મેદાને ઉતરશેઃ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ પટેલ**

નવસારી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શૈલેષભાઈ પટેલના જણાવ્યાનુસાર કાવેરી સુગરના સ્થાપનાના મહત્તમ વર્ષોમાં ભાજપનું જ શાસન રહ્યું છે અને કાવેરી સુગરનું બોર્ડ પણ ભાજપનું જ હોવા છતાં ભાજપ સરકારના શાસનમાં કાવેરી સુગર ચાલુ થઈ શકી નથી તેથી કાવેરી સુગર ચાલુ કરવામાં આવે તે માટે કોંગ્રેસ દ્વારા બુધવારના રોજ ખેડૂત આક્રોશ સભાથી આંદોલનની શરૂઆત સાથે એનસીડીસી દ્વારા થયેલ હરાજીની પ્રક્રિયા સામે પણ તપાસની માંગ કરાશે.

# વલસાડ ઉત્તર વન વિભાગે ગોડથલ ફળિયા ખાતેથી અનામત ખેરની છાલનો જથ્થો ઝડપી પાડ્યોઃ ૧૯થી વધુ વ્યક્તિઓની સંડોવણી બહાર આવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૧**

વલસાડ ઉત્તર વન વિભાગે પ્રાપ્ત ખાનગી બાતમી આધારે ગોડથલ (ફળિયા) ખાતે તપાસ દરમિયાન અનામત ખેરની છાલ ગેરકાયદેસર રીતે સંગ્રહિત મળી આવી હતી. તપાસમાં જાણ થઈ હતી કે, કલ્પેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, અર્જુનભાઈ પટેલ અને તેમનો પુત્ર હેમલ દ્વારા દક્ષિણ ગુજરાતના વિવિધ જંગલ વિસ્તારોમાંથી ખેરના ઝાડનો જથ્થો ગેરકાયદેસર રીતે કાપી લાવવામાં આવી રહ્યો હતો.

આ માલને છોલવાની અને ભરવાની કામગીરી પીંડવળ વિસ્તારના વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતી હતી અને બાદમાં વાહનો દ્વારા માલ ફરહાન અલી, કેસર ગંજ, ઉત્તર પ્રદેશના ઈસમ દ્વાર ચિપલૂન (મહારાષ્ટ્ર) મોકલવામાં આવતો હતો.

આ મામલે વન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૧૯ થી વધુ વ્યક્તિઓની સંડોવણી બહાર આવી હોવાનું જણાવ્યું છે અને વધુ તપાસ ચાલી રહી છે. વન વિભાગના કાયદા હેઠળ ગુનો દાખલ કરી ગુજરાત અને મહારાષ્ટ્ર આ બન્ને રાજ્યોમાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. વન વિભાગે ગેરકાયદેસર જંગલ ઉપજના વેપાર સામે કડક પગલાં ભરવાની ચેતવણી આપી છે.

# વાપીમાં સગાઈ કરવા આવે તે પહેલા ગોધરાના પરિવારના માતા-પિતા સહિત બે પુત્રો ઘરમાં લાગેલી આગમાં ભૂંજાઈ ગયા

## પુત્ર દેવકમલ દોશીની વાપીમાં શરણાઈ વાગવાની હતી તે પહેલા કાળનું ચક્ર ફરી વળ્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૧**

વાપીમાં આજે શુક્રવારે ગોધરાથી પૂત્ર સગાઈ કરવા માટે આવવાનો હતો તે પહેલા વિતેલી રાતમાં ઘરમાં લાગેલી ભિષણ આગમાં આખો પરિવાર નંદવાઈ ગયો. પિતા, માતા અને બે પૂત્ર આગમાં ભૂંજાઈ ગયા હતા.

વાપીમાં દિકરીનો પરિવાર સગાઈ માટે ગોધરાથી આવનાર પરિવારની આજે શુક્રવારે રાહ જોવાતી હતી ત્યાં હૈયુ ફાટી જાય તેવા સમાચાર મળ્યા હતા. ગોધરામાં રહેતા કમલભાઈ દોશી જેઓ બામરોલી બેગલોરી રોડ ઉપર વર્ધમાન જ્વેલર્સ નામનો શો રૂમ ધરાવે છે. પત્ની દેવલબેન દોશી, મોટો પૂત્ર દેવકમલ દોશી ઉ.વ.૨૨ તથા નાનો પૂત્ર રાજકમલ દોશી ગુરૂવારે મોડી રાત સુધી સગાઈ માટે સવારે વાપી જવાનું છે તે સાથે આનંદ કિલ્લોલ ભરી વાતો કરી દોશી પરિવાર સૂઈ ગયો પરંતુ નિયતિને કંઈ અલગ મંજુર હશે. રાત્રે ઘરમાં અચાનક આગ લાગી હતી. કિલ્લોલ કરતો પરિવાર આગના ધુમાડામાં ગુંગળાઈને મરી ગયો હતો. ક્ષણોમાં આખો પરિવાર નંદવાઈ જવાની કરુણા ભરેલી ઘટનાથી આખુ ગોધરા સ્તબ્ધ થઈ ગયું હતું. આ તરફ દિકરીનો પરિવાર મહેમાનોની કાગડોળે રાહ જોતો હતો ત્યાં કરુણ સમાચાર ગોધરાથી મળતા વાપીનો પરિવાર પણ અગાધ દુઃખની ગર્તામાં ડુબી ગયો હતો.

# વાપીના કવાલમાં પ્રાકૃતિક ખેતીના શિયાળુ પાક અંગે માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૧:** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના કવાલ ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન સવિતાબેન પટેલ અને કૃષિ સખી ચંપાબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. જેમાં તેઓએ ગ્રુપમાં સાથે રહી ભાતની કાપણી કરી હતી. હવે પછી થનાર શિયાળુ પાક વિશે માહિતી આપી હતી. વધુમાં ઓર્ગેનિક પ્રમાણપત્ર મળે તે માટે માહિતી આપી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોના સ્વાસ્થ્યને થઈ રહેલી ગંભીર અસર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# અનામત આજે પણ જરૂરી છે

દેશમાં ફરી એકવાર અનામતનો મુદ્દો ચર્ચાની એરણે છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલા બાગચીની બેન્ચે અનામતને લગતા એક કેસની સુનાવણી દરમ્યાન સ્પષ્ટ કરી દીધું છે કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં ૫૦ ટકાથી વધુ અનામતની મંજૂરી આપી શકાય નહીં. અગાઉ મર્યાદા તૂટી તો ચૂંટણી રોકી દેવાશે. ભારતીય રાજનીતિમાં અનામત એક સંવેદનશીલ મુદ્દો બની રહ્યો છે. રાજકીય પક્ષો તેનો ઉપયોગ મતદારોને, વિવિધ જાતિઓને પ્રલોભિત કરવા માટે કરતા રહ્યા છે. બીજી તરફ દેશના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈએ તાજેતરમાં અનુસૂચિત જાતિ અનામત માટે ક્રીમિલેયર (સમૃદ્ધ વર્ગ)ના સિદ્ધાંતનું સમર્થન કરતા નવેસરથી મહત્ત્વપૂર્ણ ચર્ચા છેડાઈ છે. ગવઈના વિધાન પાછળની સમજ એ છે કે, કઈ રીતે સકારાત્મક પહેલ કરીને અનામતના ઉદ્દેશને વધુ ન્યાયસંગત, મૂળભૂત ઉદ્દેશ અનુસાર અને પ્રભાવી બનાવી શકાય. ચીફ જસ્ટિસની પહેલનો હેતુ બંધારણીય સુરક્ષા વ્યવસ્થાને નબળી પાડવાનો નહીં, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો છે જે મુજબ અનામતનો લાભ વાસ્તવમાં જેમને ખરી જરૂર છે એ લોકો સુધી પહોંચાડી શકાય. અનુસૂચિત જાતિ સમુદાયના સૌથી ગરીબ, સામાજિક રીતે વંચિત લોકોને તેનો ફાયદો મળશે તો તેમનું ઉત્થાન થઈ શકશે. અનામત આજે પણ જરૂરી છે. દાયકાઓ સુધી પછાતપણાનો ભાવ અનુભવનાર અને વિકાસનાં માઠાં ફળનું સપનુ એ જોવાની હિંમત ન કરનાર જ્ઞાતિઓ વર્ગો માટે અનામત મારફત વિશેષ માવજત લેવી શક્ય બને છે. ચીફ જસ્ટિસના તર્કનો વિરોધે થશે, પણ આ બાબતે મંથન જરૂરી છે. દેશમાં એવા અસંખ્ય કિસ્સા જોવા મળશે જેમાં આર્થિક, સામાજિક રીતે સંપન્નતા મેળવી લેનાર અનુસૂચિત જાતિના લોકો વારંવાર અનામતનો ફાયદો લેતા રહ્યા છે. બીજી તરફ પેઢી દર પેઢીથી અભાવમાં જીવતા શ્રમિકો, સફાઈ કામદાર, ભૂમિહીન મજદૂરોની સ્થિતિ જેમની તેમ જ રહે છે. એટલે જ મુખ્ય ન્યાયમૂર્તિ ગવઈએ તકોનું વધુ ન્યાયસંગત વિતરણ સુનિશ્ચિત કરવાની હિમાયત કરી છે. વાસ્તવમાં અત્યારની પરિસ્થિતિ અનામતના ન્યાયસંગત લાભ વંચિત વર્ગ સુધી પહોંચાડવા માટે તાર્કિક લાગી રહી નથી. જ્યારે કોઈ આઈ.એ.એસ. અધિકારી કે વરિષ્ઠ અધિકારીનું સંતાન, સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગના કોઈ વ્યક્તિની તુલનાએ સમાન લાભો મેળવવાનો દાવો કરવાનું ચાલુ રાખે તો સ્વાભાવિક જ તેનાથી અનામતનો મૂળ હેતુ નબળો પડે છે. અગત્યનું એ છે કે, ક્રીમિલેયરને બહાર કરવાથી તેના સાથે જાતિગત ભેદભાવ નહીં થાય એમ પણ માની શકાય નહીં, પરંતુ આ માત્ર એવું દર્શાવે છે કે, કોઈ પણ ઐતિહાસિક રૂપથી ઉત્પીડિત સમૂહની અંદર, વંચિતપણાની સ્થિતિ જુદી જુદી હોય છે. આવી સ્થિતિમાં સૌથી નિમ્ન સ્તરના લોકો રાજ્યનું સંરક્ષણ મેળવવા માટેની પ્રાથમિકતાના હકદાર છે. બેશક સ્પષ્ટ માનદંડ, સામાજિક પછાતપણાનું સાવધાનિપૂર્વક મૂલ્યાંકન કરવા અને દુરુપયોગને રોકવા માટેના નક્કર ઉપાય થવા જોઈએ. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈએ કરેલી ટિપ્પણી એ જ બાબતની પરિચાયક છે કે, સામાજિક ન્યાયનું વિસ્તરણ થવું જોઈએ. અનામતની પાત્રતામાંથી અનુસૂચિત ક્રીમિલેયરને સમજી વિચારીને બહાર કરવાથી સમાનતાના બંધારણીય વાયદાની પુષ્ટિ થઈ શકે છે. આ પહેલના વિરોધમાં એવો તર્ક આપી શકાય કે, જો અનુસૂચિત જાતિ વર્ગની અનામતના ઉપવર્ગીકરણને માન્યતા આપવામાં આવે તો અગાઉ તેનાથી લાભાન્વિત થઈ ચૂકેલા લોકોને સુરક્ષાકવચ મળી શકશે નહીં. એવો તર્ક હોઈ શકે કે, અમુક વખતે અનામત વર્ગની કોઈ વ્યક્તિને ઉચ્ચ પદ પર પહોંચવા છતાં પણ કોઈ ભેદભાવ કે ઉપેક્ષાનો સામનો કરવો પડી શકે છે. નિઃસંદેહ આ કથનની તાર્કિકતા વિચારણીય છે. એક વિચાર એવો પણ થઈ શકે કે, અનેક પેઢીઓથી અનામતનો લાભ મેળવી ચૂકેલા લોકો સ્વૈચ્છાએ તેનો ત્યાગ કરીને આ દિશામાં એક રચનાત્મક પહેલ કરે. નિશ્ચિત રીતે આવાં પગલાંઓથી મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની સકારાત્મક પહેલને બળ મળી શકશે.

# કલ્યાણકારી કાર્ય પૈસા વહેંચવાથી ન થાય : ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીનું નિવેદન

## બંધારણની મૂળ ભાવના પર તેમણે ભાર મૂક્યો અને સ્પષ્ટ કર્યું કે વિકાસનો અર્થ ચૂંટણીઓમાં પૈસા વહેંચવો નથી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**નવી દિલ્હી, તા.૨૧:** ભારતના પૂર્વ ચૂંટણી કમિશનર અને કાયદા સચિવ જી.વી.જી. કૃષ્ણમૂર્તિની ૯૧મી જયંતિ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ ભેદભાવ દૂર કરવાના ઉપાય તરીકે એક સૂચન આપ્યું. તેમણે કહ્યું કે, વર્તમાન રાજ્યોમાંથી નાના રાજ્યો બનાવવા જોઈએ, જેમાં દરેક રાજ્યમાં મતવિસ્તારોની સંખ્યા અને વસ્તી લગભગ સમાન હોય.



મુરલી મનોહર જોશીએ બંધારણની મૂળ ભાવના પર ભાર મૂક્યો અને સ્પષ્ટ કર્યું કે વિકાસનો અર્થ ચૂંટણીઓમાં પૈસા વહેંચવો નથી. તેમણે જણાવ્યું કે, દેશમાં આર્થિક અસમાનતા હવે સૌથી મોટો ભેદભાવ બની ચૂકી છે અને કલ્યાણકારી (લોક કલ્યાણ) કાર્યો ચૂંટણી દરમિયાન પૈસા વહેંચીને કરી શકાતા નથી.

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, દરેક નાગરિકને મતદાનનો સમાન અધિકાર મળેલો છે, તેમ છતાં કર્ણાટક, બિહાર અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં રહેતા લોકોની આર્થિક શક્તિમાં મોટો તફાવત જોવા મળે છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે, શું રણપ્રદેશ, પહાડી વિસ્તારો કે પૂર્વોત્તરમાં વસતા વ્યક્તિની આર્થિક શક્તિ કર્ણાટકમાં રહેતા વ્યક્તિ જેટલી સમાન ગણી શકાય?

મુરલી મનોહર જોશીએ વધુમાં કહ્યું કે, બંધારણ આર્થિક અને રાજકીય ન્યાયનો અધિકાર આપે છે. ડૉ. આંબેડકરનો સંદર્ભ આપીને તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યાં સુધી આર્થિક ન્યાય સુનિશ્ચિત ન થાય, ત્યાં સુધી રાજકીય અધિકાર(મત આપવાનો અધિકાર)નો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી.

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ ચેતવણી આપી કે, એક એવી વ્યવસ્થા શોધવી અનિવાર્ય છે જેમાં રાજકીય અને આર્થિક અધિકારોની સાથે સાથે વિકાસ પણ સમાન રીતે વહેંચાયેલો હોય. તેમણે કહ્યું કે, જો આ વ્યવસ્થા ઊભી કરવામાં નહીં આવે, તો લોકશાહી અને કલ્યાણકારી રાજ્યની ગમે તેટલી પ્રતિબદ્ધતાઓ હોવા છતાં, આપણે વાસ્તવિક લોકશાહી બની શકીશું નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આર્થિક સ્થિતિ અને વિકાસ વચ્ચેનો તફાવત જ મૂળભૂત ભેદભાવ છે. ચૂંટણીઓમાં પૈસા વહેંચવાથી કલ્યાણ થતું નથી. ભાજપના પૂર્વ અધ્યક્ષે બિહાર ચૂંટણીના પરિણામોને લઈને સત્તાધારી NDA અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલા વિવાદનો આડકતરી રીતે ઉલ્લેખ કરતાં કહ્યું, આજે લોકો એવા સવાલો ઉઠાવી રહ્યા છે કે તમે ચૂંટણી પહેલાં પૈસા વહેંચ્યા. સરકાર દાવો કરે છે કે તેણે કલ્યાણના હેતુથી પૈસા વહેંચ્યા, જ્યારે વિપક્ષનો આરોપ છે કે તમે મત ખરીદવા માટે પૈસાનો ઉપયોગ કર્યો.

**૭૦ નાના રાજ્યો બનાવવાનું સૂચન**

આ સમસ્યાના ઉકેલનું સૂચન કરતા, મુરલી મનોહર જોશીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારોનો પડઘો પાડ્યો હતું. તેમણે સૂચવ્યું કે ભારતમાં હાલના મોટા રાજ્યોનું પુનર્ગઠન કરીને આશરે ૭૦ નાના રાજ્યો બનાવવા જોઈએ, જેમાં દરેકની વસ્તી લગભગ સમાન હશે. આનાથી સંસદમાં બધા પ્રદેશોનું સમાન પ્રતિનિધિત્વ અને આર્થિક સંસાધનોનું સમાન વિતરણ સુનિશ્ચિત થશે.

**સીમાંકન રોકવા અંગે વ્યક્ત કરી ચિંતા**

સીમાંકનમાં રોક પર ચિંતા વ્યક્ત કરતા, ડૉ. જોશીએ ઈતિહાસનો ઉલ્લેખ કરતા નોંધ્યું કે ઈન્દિરા ગાંધી સરકાર દરમિયાન અને પછી વાજપેયી સરકાર દરમિયાન વસ્તી ગણતરી અને મતવિસ્તારોનું સીમાંકન બંધ કરવામાં આવ્યું હતું. તેમણે સ્વીકાર્યું કે આ નિર્ણયથી રાજ્યો વચ્ચે વસ્તી અને આર્થિક વિકાસ વચ્ચેનું અંતર વધ્યું છે, જે બંધારણની મૂળભૂત ભાવનાની વિરુદ્ધ છે.

જોશીએ કહ્યું કે પરિણામ એ આવ્યું છે કે જે રાજ્યોમાં વસ્તી ઘટાડો જોવા મળ્યો છે (જેમ કે દક્ષિણ ભારતમાં) તેઓ વધુ સમૃદ્ધ બન્યા છે, જ્યારે જે રાજ્યોમાં વસ્તી વધારો જોવા મળ્યો છે (જેમ કે ઉત્તર પ્રદેશ) તેઓ ગરીબ રહ્યા છે. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશ પાસે સંસદમાં સત્તા છે, પરંતુ કેરળ અને તમિલનાડુ પાસે વધુ આર્થિક શક્તિ છે. આ એક પ્રકારનો ભેદભાવ છે જેને દૂર કરવા માટે નવેસરથી સીમાંકનની જરૂર છે.


# જે અવિનાશી પદને ભક્તો પ્રાપ્ત થાય છે તે અવિનાશી પદ કેવું છે?




જે અવિનાશી પદને ભક્તો પ્રાપ્ત થાય છે તે અવિનાશી પદ કેવું છે? તેનું વિવેચન કરતાં ભગવાન શ્રીમદ ભગવદ ગીતા(૧૫/૬)માં કહે છે કે..,

ન તદ્ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ
યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ..

તે પરમપદને સૂર્ય ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરી શકતાં નથી અને જે પરમપદને પામીને મનુષ્યો પાછા ફરીને સંસારમાં આવતા નથી તે જ મારૂં પરમધામ છે. જીવ પણ મારો અંશ હોવાથી મારાથી અભિન્ન છે તે મારા ધામને નિત્ય પ્રાપ્ત છે. પરમાત્મા તત્ત્વ ચેતન છે અને સૂર્ય ચંદ્ર અને અગ્નિ જડપ્રાકૃત છે. સૂર્યચંદ્ર અને અગ્નિ નેત્રમન અને વાણીને પ્રકાશિત કરે છે. એ ત્રણે પણ જડ છે એટલા માટે નેત્રોથી એ પરમાત્મા તત્ત્વને જોઈ શકાતું નથી, મનથી તેનું ચિંતન થઈ શકતું નથી અને વાણીથી તેનું વર્ણન કરી શકાતું નથી. તે ચેતનતત્ત્વ આ બધા પ્રકાશિત પદાર્થોમાં સદા પરીપૂર્ણ છે. ચેતન જીવાત્મા પણ પરમાત્માનો અંશ હોવાથી સ્વયં પ્રકાશ સ્વરૂપ છે તેથી મનબુદ્ધિ અને ઈન્દ્રિયો વગેરે જડ પદાર્થો તેને પ્રકાશિત કરી શકતાં નથી.




જીવ પરમાત્માનો અંશ છે. તે જ્યાં સુધી પોતાના અંશી પરમાત્માને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સંતના શરણમાં જઈ પ્રાપ્ત કરી લેતો નથી ત્યાં સુધી તેનું આવાગમન ચાલુ રહે છે. જેમ નદીઓના જળને પોતાના અંશી સમુદ્રને મળવાથી જ સ્થિરતા મળે છે તેવી જ રીતે જીવને પોતાના અંશી પરમાત્માને મળવાથી જ વાસ્તવિક અને સ્થાઈ શાંતિ મળે છે. વાસ્તવમાં જીવ પરમાત્માથી અભિન્ન જ છે પરંતુ સંસારના માનેલા સંગના લીધે તેને ઊંચનીચ યોનિઓમાં જવું પડે છે.

આ અવિનાશી પરમપદ આત્મરૂપથી બધામાં સમાનરૂપે વ્યાપ્ત છે આથી સ્વરૂપથી આપણે તે પરમપદમાં સ્થિત છીએ પરંતુ જડતા(શરીર વગેરે) સાથે તાદાત્મય મમતા અને કામનાના કારણે આપણને તેની પ્રાપ્તિ અથવા તેમાં આપણી સ્વાભાવિક સ્થિતિનો અનુભવ થતો નથી. આપણે ભગવાનના અંશ છીએ તેથી ભગવાનનું જે ધામ છે તે જ આપણું ધામ છે તે કારણે તે ધામની પ્રાપ્તિ થતાં પાછું ફરીને સંસારમાં આવવું પડતું નથી. જ્યાં સુધી આપણે આપણા એ ધામમાં જઈશું નહી ત્યાં સુધી મુસાફરની જેમ અનેક યોનિઓમાં અને અનેક લોકોમાં ફરતા જ રહીશું. આ સંસાર સ્વદેશ નહીં પરદેશ છે. આ પોતાનું નહી પારકું ઘર છે. ભગવાન કહે છે કે સંસારમાં જીવ બનેલો આત્મા મારો જ સનાતન અંશ છે. જીવથી શું ભૂલ થઈ રહી છે કે જેનાથી તેને નિત્ય પ્રાપ્ત પરમાત્મા સ્વરૂપ પરમધામનો અનુભવ થતો નથી તેનું વર્ણન કરતાં ભગવાન શ્રીમદ્ ભગવદ્ ગીતા(૧૫/૭)માં કહે છે કે..,

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતન
મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ..

આ સંસારમાં જીવ બનેલો આત્મા પોતે મારો જ સનાતન અંશ છે અને તે પ્રકૃતિમાં રહેલી મન સહિતની પાંચેય ઈન્દ્રિયોને આકર્ષિત કરે છે, પોતાની માની લે છે. જેમની સાથે જીવની તાત્ત્વિક અથવા સ્વરૂપની એકતા નથી એવી પ્રકૃતિ અને પ્રકૃતિનાં કાર્યમાત્રનું નામ લોક છે. આત્મા પરમાત્માનો અંશ છે પરંતુ પ્રકૃતિનાં કાર્ય શરીર ઈન્દ્રિયો પ્રાણ મન વગેરે સાથે પોતાની એકતા માનીને તે જીવ થઈ ગયો છે. આ જીવપણું વાસ્તવિક નહી પરંતુ બનાવટી છે. નાટકમાં કોઈ પાત્ર બનવાની જેમ જ આ આત્મા જીવલોકમાં જીવ બને છે. ભગવાન જીવને પોતાનો માને છે. ભગવાન વાસ્તવિકતા પ્રગટ કરતાં કહે છે કે જીવ ફક્ત મારો જ અંશ છે તેમાં પ્રકૃતિનો સહેજપણ અંશ નથી. જેવી રીતે સિંહનું બચ્ચું ઘેટાના ટોળામાં ભળીને પોતાને ઘેટું માની લે એવી જ રીતે જીવ શરીર વગેરે જડ પદાર્થોની સાથે ભળીને પોતાના અસલી ચેતન સ્વરૂપને ભુલી જાય છે.

શરીર વગેરે પદાર્થોને આપણે પોતાની સાથે લાવ્યા નથી, ઈચ્છાનુસાર તેમાં પરિવર્તન કરી શકતા નથી, પોતાની પાસે સ્થિર રાખી શકતા નથી, તેઓની સાથે હંમેશાં રહી શકતા નથી, તેઓને પોતાની સાથે લઈ જઈ શકતા નથી છતાં પણ તેઓને પોતાના માનીએ છીએ આ આપણી કેટલી મોટી ભૂલ છે. ભગવાનમાં ફક્ત મનબુદ્ધિ જોડવાની અપેક્ષાએ પોતાની જાતને ભગવાનમાં જોડવી એ શ્રેષ્ઠ છે આમ કરવાથી મનબુદ્ધિ આપોઆપ સુગમતાપૂર્વક ભગવાનમાં જોડાઈ જાય છે.

ભગવાન દ્વારા મળેલી સ્વતંત્રતાનો દુરૂપયોગ કરીને જીવ ભગવાનથી વિમુખ થયો છે. જેવી રીતે સોનાનું ઘરેણું તત્વતઃ સોનાથી અલગ નથી તેવી રીતે જીવ પણ તત્વતઃ પરમાત્માથી ક્યારેય અલગ થઈ શકતો નથી. જ્યારે મનુષ્ય ભગવાનની આજ્ઞાનુસાર પોતાના કર્તવ્યનું પાલન કરે છે ત્યારે તેઓ તેની એટલી ઉન્નતિ કરી દે છે કે જીવન સફળ થઈ જાય છે અને જન્મ-મરણરૂપી બંધન સદાયના માટે દૂર થઈ જાય છે. જ્યારે મનુષ્ય ભૂલથી કોઈ નિષિદ્ધ આચરણ-પાપ કરી બેસે છે ત્યારે ભગવાન દુઃખોને મોકલીને તેને ચેતવે છે, જૂના પાપો ભોગવાવીને તેને શુદ્ધ કરે છે અને નવા પાપોમાં પ્રવૃત્ત થતાં રોકે છે.

જીવ જેટલું પણ નાશવાન પદાર્થોને મહત્ત્વ આપે છે તેટલો જ તે પતન તરફ જાય છે અને જેટલું પણ અવિનાશી પરમાત્માને મહત્ત્વ આપે છે તેટલો જ તે ઊંચે ચઢે છે કારણ કે જીવ પરમાત્માનો અંશ છે. અંશ હોવાથી સદાય ભગવાનમાં સ્થિત રહે છે. મન અને ઈન્દ્રિયો પ્રકૃતિમાં સ્થિત છે તેમને પોતાનાં માનવાં, તેમની સાથે પોતાનો સબંધમાનવો એ જ તેમને આકર્ષિત કરવાં કહેવાય છે. મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો સાથે સંબંધ જોડીને જ જીવ બંધાય છે તેથી શરીર ઈન્દ્રિયો મન અને બુદ્ધિને સંસારને અર્પણ કરી દેવાં જોઈએ એટલે કે સંસારની સેવામાં જોડી દેવાં જોઈએ અને પોતાની જાતને ભગવાનને અર્પણ કરી દેવી જોઈએ.

મનુષ્ય ભૂલથી શરીર સ્ત્રી પુત્ર ધન મકાન માનમોટાઈ વગેરે નાશવાન વસ્તુઓને પોતાની અને પોતાના માટેની માનીને દુઃખી થાય છે. સંસારની ચીજ સંસારને આપી દે અને પરમાત્માની ચીજ પરમાત્માને આપી દેવી એ ઈમાનદારી છે. આ ઈમાનદારીનું નામ જ મુક્તિ છે. સ્થૂળસુક્ષ્મ અને કારણ શરીરની સાથે પોતાનો સંબંધ માની લેવો એ જ અનર્થનું કારણ છે. જીવ શરીરને પોતાની તરફ ખેંચે છે, પોતાનું માને છે પરંતુ જે વાસ્તવમાં પોતાના છે તે પરમાત્માને પોતાના માનતો નથી તે જીવની ભૂલ છે.

જીવ નિર્ગુણ બ્રહ્મનો નહીં પરંતુ સગુણ ઈશ્વરનો અંશ છેઃ ઈશ્વર અંશ જીવ અવિનાશી. (રામાયણ) કારણ કે બ્રહ્મ તો ચિન્મય સત્તા માત્ર છે તેથી તેમાં અંશ અંશીભાવ થઈ શકતો નથી. જીવની બ્રહ્મ સાથે એકતા છે એટલે કે અનેક રૂપથી તે જીવ છે તે જ એક રૂપથી બ્રહ્મ છે. શરીરની સાથે સબંધ થવાથી તે જીવ છે અને શરીર સાથે સબંધ ન થવાથી તે બ્રહ્મ છે. આપણો સંબંધ પરમાત્માની સાથે છેતેથી આપણે પરમાત્મામાં સ્થિત છીએ પરંતુ શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિનો સબંધ અપરા પ્રકૃતિની સાથે છે તેથી તે બધાં પ્રકૃતિમાં સ્થિત છે. શરીર સાથે માની લીધેલા સબંધનો ત્યાગ કરવા માટે ત્રણ વાતો માનવી પડશેઃ શરીર મારૂં નથી કારણ કે તેના ઉપર મારૂં કોઈ નિયંત્રણ નથી, મારે કશું જ જોઈતું નથી અને મારે પોતાના માટે કશું કરવું નથી. ભગવાન સાથે નિત્ય સબંધ રહે તે માટે ત્રણ વાતો માન્ય રાખવી જોઈએ, ભગવાન મારા છે, હું ભગવાનનો છું અને સર્વ કાંઈ ભગવાનનું જ છે.

મનુષ્યમાં ત્રણ ઈચ્છાઓ હોય છે. ભોગની તત્વની અને પ્રેમની ઈચ્છા. ભોગની ઈચ્છા કામના, તત્ત્વની ઈચ્છા જીજ્ઞાસા અને પ્રેમની ઈચ્છા અભિલાષા કહેવાય છે. ભોગની કામના શરીરના સ્તરે, તત્ત્વની જીજ્ઞાસા સ્વરૂપના સ્તરે અને પ્રેમની પિપાસા પરમાત્માના સ્તરે થાય છે. શરીરને પોતાનું માનવું એ ભૂલ છે કારણ કે શરીર પ્રકૃત્તિનો અંશ છે અને જીવ પરમાત્માનો સનાતન અંશ છે. આ શ્લોક સમજવા જેવો છે. જીવ ઈશ્વરનો અંશ છે. અંશનો અર્થ કપાયેલો ટુકડો નહિ જેમ કે સમુદ્રનો અંશ તેનું બિંદુ નહિ. અગ્નિનો અંશ તેનો તણખો નહિ. આવો અંશ અંશીભાવ સમજવાનો નહિ. સમુદ્રમાંથી બિંદુ અલગ કરી શકાય છે, કારણ કે સમુદ્ર સાવયવ છે. બ્રહ્મમાંથી જીવને અલગ ન કરી શકાય, કારણ કે બંને નિરવયવ છે. બ્રહ્મ વ્યાપક છે. વ્યાપકનો ટુકડો ન કરી શકાય, કારણ કે જ્યાં બ્રહ્મ ન હોય ત્યાં ટુકડો મૂકી શકાય તેવું તો છે નહિ તેથી અંશનો અર્થ સામર્થ્યઅંશ સમજવાનો છે.

જીવ અને ઈશ્વર બંને સચ્ચિદાનંદ છે એટલે કે બંને સત ચિત અને આનંદરૂપ છે. બંનેની પોતાની સનાતન સત્તા હોવાથી સત છે. બંને જ્ઞાનરૂપ હોવાથી ચિદ છે. બંને આનંદરૂપ હોવાથી આનંદ છે. આ રીતે બંને સચ્ચિદાનંદનંદરૂપ છે પણ બંનેમાં સામર્થ્યભેદ છે. જીવ સચ્ચિદાનંદ છે. જ્યારે ઈશ્વર સચ્ચિદાનંદ આનંદઘન છે. આ ઘન શબ્દને સમજવા જેવો છે. જળનું બિંદુ પણ જળ છે અને સમુદ્ર પણ જળ છે પણ બિંદુ ઘન નથી. તેની ક્ષમતા ઓછી છે. સમુદ્રમાં સ્ટીમરો તરી શકે છે બિંદુમાં નહિ. સમુદ્રમાં હજારો મગર મચ્છો ફરી શકે છે. બિંદુમાં નહિ. આવી રીતે જીવનું સામર્થ્ય અલ્પ હોવાથી તે અલ્પ શક્તિમાન છે. ઈશ્વરનું સામર્થ્ય અમાપ હોવાથી તે સર્વશક્તિમાન છે પણ છે બંને સચ્ચિદાનંદ છે તેથી અંશ અંશીભાવ બતાવ્યો છે. અંશનો અર્થ એવો કરવાનો નથી કે ઈશ્વરમાંથી નાનાનાના રાઈના દાણા જેવા ટુકડા થયા અને જીવ થયો અથવા ઈશ્વરમાં માયા કે અવિદ્યાની ઉપાધિ આવવાથી જીવ થયો. ઉપાધિ દૂર કરો એટલે જીવ શિવ જ છે આવું માનવાનું નથી. ચૈતન્યને ઉપાધિ ન હોય. હોય તો ચૈતન્ય બિચારૂં થઈ જાય. જીવ એ જીવ જ છે અને ઈશ્વર એ ઈશ્વર જ છે તેથી તેને સનાતન કહ્યો છે અનાદિ કહ્યો છે.

# ભારતમાં આજથી ચાર નવા શ્રમ કાયદા લાગુ કરાયા

## સરકાર આને માત્ર એક સુધારો નહીં, પરંતુ કામદારોના સન્માનમાં એક નવો અધ્યાય કહી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧:** ભારત સરકારે આખરે તે પગલું ભર્યું, જે લાખો કામદારો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા. શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ જાહેરાત કરી કે, ૪ નવા શ્રમ સંહિતા આજથી દેશભરમાં અમલમાં આવી ગયા છે. સરકાર આને માત્ર એક સુધારો નહીં, પરંતુ કામદારોના સન્માનમાં એક નવો અધ્યાય કહી રહી છે.

નવા શ્રમ સંહિતા લાગુ થવાથી, દરેક કામદારને સમયસર તેમનું લઘુત્તમ વેતન મળશે. કોઈપણ કામમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે યુવાનો માટે નિમણૂક પત્ર ફરજિયાત બનાવવામાં આવ્યા છે. હવે મહિલાઓ માટે સમાન વેતનની સ્પષ્ટ ગેરંટી છે, જેનો અર્થ છે કે, લિંગ ભેદભાવ માટે કોઈ અવકાશ રહેશે નહીં.

સરકારનો દાવો છે કે, લગભગ ૪૦ કરોડ કામદારો હવે સામાજિક સુરક્ષા હેઠળ આવશે. ફિક્સ્ડ ટર્મ કર્મચારીઓ પણ માત્ર એક વર્ષ પછી ગ્રેચ્યુઈટી મેળવવા માટે હકદાર બનશે. ૪૦ વર્ષથી વધુ ઉંમરના કામદારો માટે મફત વાર્ષિક આરોગ્ય તપાસ ફરજિયાત બનાવવામાં આવી છે. ઓવરટાઈમ કામદારોને હવે બમણું વેતન મળશે, અને જોખમી વિસ્તારોમાં કામ કરતા લોકોને ૧૦૦% આરોગ્ય સુરક્ષા મળશે. સરકાર આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર કામદારોને સામાજિક ન્યાય આપવાનો પણ દાવો કરે છે.

**નવા શ્રમ સંહિતાની ખાસિયત**

**બધા કામદારો માટે સમયસર લઘુત્તમ વેતનની ખાતરી**

હવે કોઈપણ કંપની અથવા નોકરીદાતા માટે વેતન રોકવું કે, વિલંબિત કરવું સરળ રહેશે નહીં.




**દરેક યુવા માટે નિમણૂક પત્ર ફરજિયાત**

હવે જોડાતા જ નિમણૂક પત્ર પ્રાપ્ત થશે. નોકરીની સુરક્ષા અને સ્પષ્ટ શરતો બંનેની ખાતરી આપવામાં આવી છે.

**મહિલાઓ માટે સમાન પગાર અને સમાન આદર**

**લિંગ-આધારિત પગાર અસમાનતાનો અંત, તમામ હોદ્દાઓ પર સમાન અધિકારો**

**૪૦ કરોડ કામદારો માટે સામાજિક સુરક્ષા કવરેજ**

દેશના અડધાથી વધુ કાર્યબળને પહેલીવાર આટલી વ્યાપક સુરક્ષા છત્ર હેઠળ આવરી લેવામાં આવ્યું છે.

**ફક્ત એક વર્ષ પછી ફિક્સ્ડ ટર્મ કર્મચારીઓને ગ્રેચ્યુઈટી મળશે**

હવે કોન્ટ્રાક્ટ કામદારોને પણ કાયમી કર્મચારીઓ જેટલું જ રક્ષણ મળશે.

**૪૦+ વર્ષની ઉંમરના કામદારો માટે મફત વાર્ષિક આરોગ્ય તપાસ**

સરકાર પોતે કહે છે કે, કાર્યબળનું સ્વાસ્થ્ય દેશની ઉત્પાદકતાની ચાવી છે.

**ઓવરટાઇમ માટે ડબલ પગારની ખાતરી**

હવે વધારાના કામ માટે સંપૂર્ણ અને વાજબી વળતર ચૂકવવામાં આવશે.

**જોખમી ક્ષેત્રોમાં ૧૦૦% આરોગ્ય સુરક્ષા**

ખાણો, રસાયણો અને બાંધકામ જેવા ઉચ્ચ જોખમવાળા કામોમાં કામ કરતા લોકો માટે સંપૂર્ણ સુરક્ષા મળશે.

**આંતરરાષ્ટ્રીય સામાજિક ન્યાય માળખું**

ભારતના શ્રમ ધોરણો હવે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરે છે. મોદી સરકારનો દાવો છે કે ,આ સુધારા ફક્ત શ્રમ કાયદા વિશે નથી, પરંતુ કામદાર ન્યાય અને કામદાર ગૌરવના નવા યુગનો પ્રારંભ છે. નવા શ્રમ સંહિતા ભારતને વૈશ્વિક શ્રમ ધોરણોની સમકક્ષ લાવવાનો પ્રયાસ છે.

**નવા શ્રમ સંહિતા લાગુ થવાથી, દરેક કામદારને સમયસર તેમનું લઘુત્તમ વેતન મળશે. કોઈપણ કામમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે યુવાનો માટે નિમણૂક પત્ર ફરજિયાત બનાવવામાં આવ્યા છે. હવે મહિલાઓ માટે સમાન વેતનની સ્પષ્ટ ગેરંટી છે, જેનો અર્થ છે કે, લિંગ ભેદભાવ માટે કોઈ અવકાશ રહેશે નહીં**

# સ્પોર્ટ્સ ન્યુઝ

સગાઈ અંગે મુન્નાભાઈ સ્ટાઈલમાં કરી પુષ્ટિ

## ભારતીય મહિલા ક્રિકેટર અને વર્લ્ડ કપ વિજેતા સ્મૃતિ મંધાના બનશે દુલ્હન

**ટીમની સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાએ એક ફની અને હળવાશભર્યા અંદાજમાં પોતાની સગાઈની પુષ્ટિ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧ :** ટીમ ઈન્ડિયાની સ્ટાર બેટ્સમેન અને વર્લ્ડ કપ વિજેતા સ્મૃતિ મંધાનાએ પોતાની સગાઈની પુષ્ટિ કરી છે. તેણીએ પોતાના જીવનની આ ખાસ ક્ષણને શેર કરવા માટે એક શાનદાર રીત પસંદ કરી. તેણીએ ઈન્સ્ટાગ્રામ રીલ શેર કરી છે, જેમાં તેણીની સાથે ટીમ ઈન્ડિયાના અન્ય ખેલાડીઓ પણ જોવા મળી રહી છે .

એકંદરે મંધાનાનું આ એનાઉન્સમેન્ટ જોરદાર રહ્યું. નોંધનીય છે કે, મંધાના સિંગર-મ્યુઝિક કમ્પોઝર પલાશ મુચ્છલ સાથે લગ્ન કરવાની છે. મંધાનાએ જે રીલ શેર કરી તેમાં તેણીની સાથે જેમિમા રોડ્રિગ્સ, શ્રેયંકા પાટિલ, રાધા યાદવ અને અરુંધતી રેડ્ડી પણ જોવા મળી. જેમાં બધાએ ૨૦૦૬માં આવેલી ફિલ્મ લગે રહો મુન્ના ભાઈ ના ગીત "સમજો હો હી ગયા" પર એક સટીક કોરિયોગ્રાફ્ડ રીલ બનાવી. હવે આ વીડિઓ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયો છે. વીડિઓની છેલ્લી ફ્રેમમાં મંધાનાએ એન્ગેજમેન્ટ રિંગ કેમેરામાં બતાવતી જોવા મળે છે, જેના કારણે લાંબા સમયથી ચાલી રહેલી સગાઈની અફવાઓને સત્તાવાર રીતે પુષ્ટિ થાય છે.

ઈન્દોરમાં ઓક્ટોબર મહિનામાં સ્ટેટ પ્રેસ ક્લબના એક કાર્યક્રમ દરમિયાન પલાશે સ્મૃતિ સાથેના તેમના રિલેશનશિપને લઈ સંકેત આપ્યો હતો. જો કે, તેમણે સીધી આ વાતની પુષ્ટિ કરી ન હતી, પરંતુ ત્યારે તેમણે મજાકમાં કહ્યું હતું કે, સ્મૃતિ મંધાના ટૂંક સમયમાં "ઈન્દોરની પુત્રવધૂ" બનશે. મહિલા ODI વર્લ્ડ કપ ૨૦૨૫માં મંધાનાનું પ્રદર્શન જોરદાર રહ્યું હતું. સ્મૃતિએ નવ ઈનિંગ્સમાં ૫૪.૨૨ની એવરેજથી ૪૩૪ રન બનાવ્યા, જેમાં ન્યુઝીલેન્ડ સામેની મેચવિનિંગ સદીનો પણ સમાવેશ થાય છે.

આ સમય દરમિયાન મંધાના મહિલા વનડે વર્લ્ડ કપની એક જ સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટ્સમેન બની ગઈ છે. તેણીએ ૨૦૧૭માં ઈંગ્લેન્ડમાં રમાયેલી ટુર્નામેન્ટમાં મિતાલી રાજના ૪૦૯ રનના રેકોર્ડને તોડી નાખ્યો હતો. દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલમાં પણ તેણીની ઈમ્પેક્ટ સ્પષ્ટ જોવા મળી. આ મેચમાં સ્મૃતિ અને શેફાલી વર્માએ ભારતને મજબૂત શરૂઆત અપાવી હતી. બન્નેએ માત્ર સાત ઓવરમાં ૫૦ રનની પાર્ટનરશિપ બનાવી હતી, જેનાથી આફ્રિકન બોલરો પર ભારે દબાણ આવ્યું હતું. જો કે, દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડ આ વર્લ્ડ કપમાં ૪૭૦ રન સાથે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની હતી, પરંતુ મંધાનાનો દબદબો આખા ટુર્નામેન્ટ દરમિયાન સ્પષ્ટ જોવા મળ્યો હતો.

આગામી બે-ત્રણ દિવસ મુંબઈમાં આરામ કરશે

## શુભમન ગિલ બીજી ટેસ્ટમાંથી બહાર, ગુવાહાટીથી મુંબઈ પહોંચ્યો

**કેપ્ટન શુભમન ગિલની ઈજા અંગે ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે, અહેવાલો હતા કે તે કદાચ બીજી ટેસ્ટ નહીં રમે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૧ :** ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૨૨ નવેમ્બરથી ગુવાહાટી ટેસ્ટની શરૂઆત થવાની છે, પરંતુ તેના એક દિવસ અગાઉ જ ટીમ ઈન્ડિયાને માઠા સમાચાર મળ્યા છે. કેપ્ટન શુભમન ગિલની ઈજા અંગે ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે, અહેવાલો હતા કે તે કદાચ બીજી ટેસ્ટ નહીં રમે. હવે ગિલને અચાનક ટીમ ઈન્ડિયાના સ્ક્વોડમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે અને તે તેની ઈજાની તપાસ કરાવવા માટે મુંબઈ જવા રવાના થઈ ચૂક્યો છે.




મીડિયા રિપોર્ટ્સ મુજબ, શુભમન ગિલને ભારતીય સ્ક્વોડમાંથી દૂર કરવામાં આવ્યો છે અને તે ગુવાહાટીથી મુંબઈ જવા રવાના થઈ ગયો છે. ગિલ ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટીમ ઈન્ડિયા સાથે કોલકાતાથી ગુવાહાટી આવ્યો હતો અને એવી આશા હતી કે બીજી ટેસ્ટ પહેલાં તે સાજો થઈ જશે. જોકે, ૨૦ નવેમ્બરના રોજ તેણે ટ્રેનિંગ સેશનમાં પણ ભાગ લીધો નહોતો. હવે એવી માહિતી મળી રહી છે કે તે આગામી બે-ત્રણ દિવસ મુંબઈમાં આરામ કરશે. ત્યાર પછી, તે ગરદનની ઈજાની તપાસ માટે ડૉક્ટર સાથે મુલાકાત કરશે. જોકે, તેની BCCIના CoE(સેન્ટર ઑફ એક્સલન્સ)માં જવાની કોઈ માહિતી હજી સુધી સામે આવી નથી.

પહેલી ટેસ્ટમાં શુભમન ગિલ ઈજાગ્રસ્ત થતાં, વાઈસ કેપ્ટન રિષભ પંતે ટીમ ઈન્ડિયાની કમાન સંભાળી હતી. હવે ગિલ બીજી ટેસ્ટમાં નહીં રમે, તેથી પંત આખી મેચમાં કેપ્ટનશીપ કરતો જોવા મળી શકે છે.

રિષભ પંતના અનુભવનો ફાયદો ટીમને મળી શકે છે. ગિલના સ્ક્વોડમાંથી બહાર થવાને કારણે હવે સાઈ સુદર્શનની ટીમમાં વાપસી થવાની સંભાવના પણ છે. તેમજ અહેવાલ મુજબ અક્ષર પટેલના સ્થાને નીતીશ કુમાર રેડ્ડીનું ટીમ ઈન્ડિયામાં કમબેક થવાનું છે.

## હાર્દિક પંડ્યાએ માહિકા શર્મા સાથે કરી સગાઈ?

**હાર્દિક સતત જીવનની ખાસ પળો ફેન્સ સાથે શેર કરે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧ :** ક્રિકેટર હાર્દિક પંડ્યા અને અભિનેત્રી-મોડલ માહિકા શર્મા તેમના રિલેશનશિપની અફવાઓને કારણે છેલ્લા કેટલાક સમયથી ચર્ચાનું કેન્દ્ર બન્યા છે અને તેમના ફોટો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જોકે, હવે આ બંને એવા કારણોસર ચર્ચામાં છે કે સોશિયલ મીડિયા યુઝર્સ તેમને પૂછી રહ્યા છે કે શું તેમણે સગાઈ કરી લીધી છે?

હાર્દિક સતત સોશિયલ મીડિયા પર પોતાના જીવનની ખાસ પળો ફેન્સ સાથે શેર કરે છે, પછી તે ક્રિકેટ માટેની મહેનત હોય, પરિવાર સાથે સમય વિતાવવો હોય કે પછી માહિકા સાથેની રોમેન્ટિક ક્ષણો હોય.

માહિકા સાથેનો તેમનો સંબંધ વધુ ગાઢ બની રહ્યો છે અને ચાહકો તેમને પરફેક્ટ કપલ કહીને સપોર્ટ કરી રહ્યા છે. હાર્દિક અને માહિકાના કેટલાક ફોટો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં માહિકાના હાથમાં રિંગ દેખાઈ રહી છે. આ જ ફોટોને જોઈને ફેન્સ અનુમાન લગાવી રહ્યા છે કે ક્યાંક આ બંનેએ સગાઈ તો નથી કરી લીધી?

તાજેતરમાં જ હાર્દિકે ઘણા ફોટો અને વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા હતા, હાર્દિકે કેપ્શનમાં માય બિગ 3(My Big 3) લખ્યું છે, જેમાં ક્રિકેટ, તેનો પુત્ર અગસ્ત્ય અને માહિકાને તેના જીવનના ત્રણ સૌથી મોટા ખજાના ગણાવ્યા છે. આ સાથે જ બ્લુ હાર્ટ ઈમોજી, એક ઓમ ઈમોજી અને એક ક્રિકેટ બેટ ઈમોજી પોસ્ટ કર્યા હતા. આ ઉપરાંત, ક્રિકેટરે એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં તે માહિકા સાથે પૂજા કરતો જોવા મળ્યો હતો. વળી, એક અન્ય વીડિયોમાં તે માહિકા સાથે જીમ કરતા દેખાયો હતો. એક યુઝરે કમેન્ટ કરી કે, એવું લાગે છે કે તે પોતાનો સંબંધ જાહેરમાં બતાવી રહ્યા છે. અન્ય એક યુઝરે લખ્યું કે, મને ખબર નથી કે સગાઈ કરી કે નહીં, પરંતુ બંને સાથે સારા લાગે છે. એક અન્ય યુઝરે લખ્યું, જ્યારે માહિકાએ આ ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો, ત્યારે મને પણ લાગ્યું કે બંનેએ સગાઈ કરી લીધી છે.

જણાવી દઈએ કે, આ વર્ષે ઑક્ટોબરમાં હાર્દિકે માહિકા સાથેનો પોતાનો સંબંધ કન્ફર્મ કર્યો હતો. ત્યારથી આ બંને સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ ફોટો શેર કરી રહ્યા છે.

આ પહેલા હાર્દિકે નતાશા સાથે લગ્ન કર્યા હતા અને તેમનો એક દીકરો પણ છે. જોકે, ગયા વર્ષે ઑક્ટોબરમાં બંને અલગ થઈ ગયા હતા.

કોલસા ખનન મામલે EDની મોટી કાર્યવાહી

## બંગાળ-ઝારખંડમાં દરોડા, રોકડ-ઘરેણાં જપ્ત કરાયા

**રાંચી સ્થિત EDની ટીમે કોલસા ચોરી અને તસ્કરીના કેસોના આધારે ઝારખંડના ૧૮ ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં કોલસા માફિયાઓ વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. EDની ટીમે એકસાથે ૪૦થી વધુ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે, જેનો મુખ્ય હેતુ ગેરકાયદેસર કોલસા ખનન, ચોરી અને તસ્કરીના નેટવર્કને તોડી પાડવાનો છે. આ સંયુક્ત કાર્યવાહી કરોડો રૂપિયાના સરકારી મહેસૂલ (રેવન્યૂ)ના નુકસાન સાથે જોડાયેલા કેસોની તપાસ માટે કરવામાં આવી છે, જેમાં ઘણા મોટા નામ સામેલ હોવાનું બહાર આવ્યું છે.

રાંચી સ્થિત EDની ટીમે કોલસા ચોરી અને તસ્કરીના કેસોના આધારે ઝારખંડના ૧૮ ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ કેસમાં અનિલ ગોયલ, સંજય ઉદ્યોગ, એલ.બી. સિંહ અને અમર મંડલ જેવા નામ સામેલ છે. મોટા પાયે કોલસાની ચોરી અને સરકારી મહેસૂલમાં સેંકડો કરોડ રૂપિયાની હાનિ થવાના કારણે EDએ રાજ્યભરમાં દરોડા પાડ્યા છે, જેનાથી ચોંકાવનારા ખુલાસાઓ થવાની સંભાવના છે. ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં EDએ દરોડા પાડ્યા હતા, જે દરમિયાન મોટી માત્રામાં રોકડ અને ઘરેણાં મળી આવ્યા હતા.

દરોડા દરમિયાન રાંચીમાં EDના અધિકારીઓને ઘરમાં પ્રવેશતા રોકવા માટે, કોલસાના વેપારી એલ.બી. સિંહે પોતાના પાલતુ કૂતરાઓને અધિકારીઓ પાછળ છોડી મૂક્યા.

કૂતરાઓ પરિસરમાં ફરી રહ્યા છે અને EDના અધિકારીઓને ઘરમાં પ્રવેશતા અટકાવી રહ્યા છે, જ્યારે એલ.બી. સિંહ પોતે ઘરની અંદરથી બહાર નીકળી રહ્યા નથી. આ ઘટના EDની કાર્યવાહીમાં અવરોધ પેદા કરવાના પ્રયાસને દર્શાવે છે.

EDની બીજી ટીમે પશ્ચિમ બંગાળના દુર્ગાપુર, પુરુલિયા, હાવડા અને કોલકાતા જિલ્લામાં ૨૪ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી ગેરકાયદેસર કોલસા ખનન, પરિવહન અને ગેરકાયદેસર સંગ્રહના કેસ સાથે સંકળાયેલી છે. જેમાં નરેન્દ્ર ખડકા, અનિલ ગોયલ, યુધિષ્ઠિર ઘોષ અને કૃષ્ણ મુરારી કાયલ સહિત અન્ય ઘણા લોકોના ઠેકાણાઓનો સમાવેશ થાય છે.

EDની આ સંયુક્ત કાર્યવાહીને કોલસા માફિયા નેટવર્ક પર મોટો ફટકો માનવામાં આવે છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, આવનારા દિવસોમાં વધુ ખુલાસાઓ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, કોલસાના વેપારમાં અનિયમિતતાઓના કેસ અગાઉ પણ સામે આવ્યા છે અને આ દરોડા પાડતા પહેલા EDએ ઘણા વેપારીઓને દિલ્હી બોલાવ્યા હતા.

## દુબઈ એર શો દરમિયાન અચાનક જમીન પર પડ્યું તેજસ વિમાન : દુર્ઘટનામાં પાયલટનું મોત નિપજ્યું

**વિમાન હવામાં શાનદાર વળાંક લઈ રહ્યું હતું, ત્યારે અચાનક તેણે નિયંત્રણ ગુમાવી દીધું હતું : વિમાન જમીન પર પડવાની સાથે જોરદાર ધમાકો થયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૨૧**





દુબઈ એર શો દરમિયાન એવી તસવીર સામે આવી છે, જેની કોઈએ કલ્પના પણ નહોતી કરી. ભારતનું સ્વદેશી હળવું લડાકૂ વિમાન LCA તેસ પોતાની ડેમોન્સ્ટ્રેશન ફ્લાઈટ દરમિયાન અચાનક ક્રેશ થયું છે. આ ઘટના બપોરે ૨.૧૦ કલાકે બની છે, જ્યારે હજારો દર્શક વિમાનના કરબત જોઈ રહ્યાં હતા. આ દુર્ઘટનામાં પાયલટનું મોત થયું છે.

વિમાન હવામાં શાનદાર વળાંક લઈ રહ્યું હતું, ત્યારે અચાનક તેણે નિયંત્રણ ગુમાવી દીધું હતું. થોડી સેકેન્ડમાં તેજસ હવામાંથી જમીન તરફ આવવા લાગ્યું. વિમાન જમીન પર પડવાની સાથે જોરદાર ધમાકો થયો અને અલ મકતૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટની ઉપર ધૂમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

ભારતીય વાયુસેનાએ જણાવ્યું કે દુબઈ એર શોમાં એક હવાઈ પ્રદર્શન દરમિયાન IAF નું તેજસ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું. આ દુર્ઘટનામાં પાયલટનું નિધન થયું છે, જે દુખદ છે.

દુબઈ એર શો વિશ્વના અગ્રણી ઉડ્ડયન કાર્યક્રમોમાંનો એક છે, જ્યાં વિશ્વભરની એરલાઈન્સ અને લશ્કરી ઉત્પાદકો તેમની ટેકનોલોજીનું પ્રદર્શન કરે છે. આ અકસ્માતે એર શોની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. તાત્કાલિક ઘટનાસ્થળે કટોકટી ટીમો તૈનાત કરવામાં આવી હતી, અને ઉડ્ડયન અધિકારીઓએ તપાસ શરૂ કરી છે. ભારતીય વાયુસેનાનું તેજસ વિમાન એક એવું ફાઈટર વિમાન છે, જે સંપૂર્ણ ભારતમાં બનીને તૈયાર થયું છે. તેને હળવું અને ઝડપી બનાવવામાં આવ્યું છે, જેથી હવામાં વધુ ફુર્તી સાથે ઉડી શકે અને સાથે ઘણા પ્રકારના યુદ્ધમાં કામ કરી શકે.

તેને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એટલે કે HAL એ વિકસિત કર્યું છે. તે ૪.૫ પેઢીનું વિમાન છે, એટલે કે તેમાં ઘણી નવી તકનીક લાગી છે. તેજસ નાનું અને હળવું છે, જેને સુપરસોનિક એટલે કે ધ્વનિની ગતિથી ઝડપી ઉડાન ભરનાર કહેવામાં આવે છે.

દુબઈ એર શોમાં ભારતે અનેક ફાઈટર જેટ પણ પ્રદર્શિત કર્યા હતા, જેમાંથી એક તેજસ ફાઈટર જેટ હતું. આ અકસ્માતે તેજસ ફાઈટર જેટ માટેની ભારતની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. કારણ કે ભારત પણ આ ફાઈટર જેટની નિકાસ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે ભારતીય સંરક્ષણ કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવ્યું હતું. ઘટનાસ્થળે હાજર લોકોએ અહેવાલ આપ્યો હતો કે તેજસ ફાઈટર જેટ ક્રેશ થતાં પહેલાં લગભગ એક માઈલ દૂર સુધી નીચે ઉતરતું જોવા મળ્યું હતું. આ અકસ્માતની તપાસની રાહ જોવાઈ રહી છે, અને તે પછી જ અકસ્માતનું વાસ્તવિક કારણ સામે આવશે.

## ગૌતમ ગંભીરનો સ્પષ્ટ સંદેશ : જો વર્કલોડ મેનેજમેન્ટ જોઈએ તો IPL છોડી દો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

ભારતીય ક્રિકેટમાં વર્કલોડ મેનેજમેન્ટને લઈ ચાલી રહેલી ચર્ચા હવે એક નિર્ણાયક વળાંક પર પહોંચી રહી હોય તેવું લાગે છે. કોલકાતા ટેસ્ટ દરમિયાન શુભમન ગિલની અચાનક ગરદનની ઈજાએ માત્ર ટીમ ઈન્ડિયાની તૈયારીઓને ઝટકો નથી આપ્યો, પરંતુ એક જૂનો પ્રશ્ન પણ ઉભો કર્યો છે. શું ભારતના ઓલ-ફોર્મેટ સ્ટાર્સ પર ખરેખર વધુ પડતો વર્કલોડ પડી રહ્યો છે?

શુભમન ગિલ છેલ્લા બે મહિનાથી સતત ક્રિકેટ રમી રહ્યો છે. એશિયા કપથી લઈને ઘરઆંગણે દક્ષિણ આફ્રિકા સિરીઝ સુધી... ગિલ ટીમ ઈન્ડિયાનો કાયમી સભ્ય રહ્યો છે. જ્યારે ઘણા ખેલાડીઓને રોટેશનનો ફાયદો મળ્યો છે, ત્યારે ૨૫ વર્ષીય ગિલને દરેક ફોર્મેટમાં રમવું પડ્યું છે. ODI કેપ્ટન અને T20 વાઈસ કેપ્ટન તરીકે તેના પર જવાબદારીઓનું દબાણ પહેલા કરતાં વધુ છે. આ દરમિયાન ઈડન ગાર્ડન્સ ટેસ્ટ દરમિયાન તેને નેક સ્પેઝ્મની સમસ્યા થઈ હતી અને જેના કારણે તે સિરીઝની નિર્ણાયક બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે.

આ ઈજા પ્રકાશમાં આવતાની સાથે જ વર્કલોડ મેનેજમેન્ટ પર ચર્ચા ફરી શરૂ થઈ ગઈ છે. પરંતુ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરના શબ્દોએ આ ચર્ચાને સંપૂર્ણપણે અલગ દિશા આપી. જીઓસ્ટારના ક્રિકેટ એક્સપર્ટ આકાશ ચોપરાએ ખુલાસો કર્યો કે, ગંભીરે તેમને વાતચીતમાં કહ્યું કે, "જો વર્કલોડ મેનેજમેન્ટ જોઈએ તો IPL છોડી દો. જો કેપ્ટનશીપનું દબાણ વધારે છે, તો કેપ્ટનશીપ ન કરો. પરંતુ ઈન્ડિયા માટે રમતી વખતે ફિટનેસ અને માનસિક થાક જેવી વાતનું કોઈ બહાનું નથી હોય શકતું." ગંભીરનું આ નિવેદન એટલા માટે પણ મહત્વપૂર્ણ છે, કારણ કે ભારતીય ક્રિકેટમાં વર્કલોડ મેનેજમેન્ટ ધીમે ધીમે એક સામાન્ય બની રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા ટોપના ખેલાડીઓને ટેસ્ટ, વનડે અને T20 વચ્ચે આરામ આપવામાં આવ્યો છે. પરંતુ ગંભીરનો તર્ક સ્પષ્ટ છે, ભારત માટે જ્યારે પણ તક મળે છે ત્યારે ખેલાડીને સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે ઉતરવું જોઈએ. જો કોઈને આરામ જોઈએ, તો પહેલા IPL જેવી લીગ ટુર્નામેન્ટમાં ભાગીદારી પર વિચાર કરવો જોઈએ.

આકાશ ચોપરાએ પણ ગંભીરની વાતનો સ્વીકાર કર્યો. તેમણે કહ્યું કે, એક બેટ્સમેન માટે ફોર્મ ખૂબ જ કિંમતી છે. જ્યારે તમે રન બનાવી રહ્યા હોવ છો, ત્યારે તમારે વધુમાં વધુ રમવું જોઈએ. ફોર્મ ક્યારે જતું રહે, તેની કોઈ ગેરંટી નથી. તેથી જ્યાં સુધી ફિટનેસની કોઈ ગંભીર સમસ્યા ન હોય અથવા માનસિક થાક ન હોય, ત્યાં સુધી ખેલાડીએ મેદાન પર રહેવું જોઈએ.

જો કે, ગિલના મામલામાં હવે ચિંતા એ છે કે તેને ઓછામાં ઓછા ૧૦ દિવસના આરામની જરૂર છે. BCCIએ હજુ સુધી અંતિમ નિર્ણય જાહેર કર્યો નથી, પરંતુ એવી અપેક્ષા છે કે તે ૩૦ નવેમ્બરથી શરૂ થતી દક્ષિણ આફ્રિકા સામેની ODI સિરીઝ માટે ફિટ થઈ જશે. ત્યારબાદ T20I સિરીઝ પણ રમાશે, જેમાં ગિલની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ રહેશે.

## લુધિયાણામાં પાકિસ્તાની આતંકી મોડ્યૂલનો મોટો ખુલાસો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લુધિયાના, તા.૨૧**

પંજાબના લુધિયાણામાં પંજાબ પોલીસે બે આતંકીઓનું એક્રાઉન્ટર કર્યુંછે. બંને આતંકીઓ તાર આતંકી ગ્રુપ સાથે જોડાયેલા છે, જે પાકિસ્તાની આતંકી મોડ્યુલના છે. પોલીસ કમિશનરે જણાવ્યું કે આ બંને સંદિગ્ધ લોકોને હેન્ડ ગ્રેનેડ એકઠા કરી નિશ્ચિત જગ્યા પર ફેંકવાનું કામ સોંપાયું હતું. પોલીસે સમય રહેતા તેમને પકડી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી હેન્ડ ગ્રેનેડ, પિસ્તોલ અને કારતૂસ પણ જપ્ત કર્યા છે. જાણકારી અનુસાર, એન્કાઉન્ટરની આ ઘટના લુધિયાણા શહેરની બહાર આઉટર પર લાડોવાલ ટોલ પ્લાઝા નજીક થઈ. જો પકડાતા નહીં તો આ બંને આતંકી કોઈ મોટી ઘટનાને અંજામ આપી શકતા હતા.

પંજાબ પોલીસે જણાવ્યું કે, લુધિયાણાના લાડોવાલ ટોલ પ્લાઝા (દિલ્હી-અમૃતસર હાઈવે) પર પાકિસ્તાની આતંકી મોડ્યુલના બે આતંકવાદીઓનું એન્કાઉન્ટર કર્યું છે, જેમાં બે આતંકી ઘાયલ થયા છે. ઘાયલ થયેલા આતંકીને પકડી લીધા છે અને તેમની સાથે પૂછપરછ થઈ રહી છે. પહેલા પકડાયેલા ત્રણ આતંકીઓની પૂછપરછથી મળેલી સૂચના પર ટ્રેપ લગાવ્યા હતા. પોલીસ ધરપકડમાં આતંકીઓનો સામાન જપ્ત કરી રહી હતી, ત્યારે આતંકીઓએ પોલીસ પર હુમલો કરી દીધો. આતંકીઓની પોલીસ સાથે અથડામણ થઈ ગઈ. પોલીસે જવાબી કાર્યવાહી કરી, જેમાં બે આતંકી ઘાયલ થયા છે.

પોલીસ કમિશનર સ્વપ્ન શર્મા સહિત વરિષ્ઠ અધિકારી ઘટના સ્થળે પહોંચ્યા. આખા વિસ્તારને સીલ કરી દીધો છે. બંને ઘાયલ આતંકીઓને હોસ્પિટલમાં દાખલ કર્યા છે, જેમાં એકની હાલત ગંભીર છે. આતંકીઓ પાસેથી ૨ ચીની ગ્રેનેડ, ૫ ચીની પિસ્તોલ અને ૫૦થી વધારે જીવતા કારતૂસ મળી આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર આ આતંકી પાકિસ્તાની હેન્ડલરના કહેવા પર ગ્રેનેડ લેવા અને એટેક કરવા આવ્યા હતા, જે પકડાઈ ગયા છે.

**પ્રશાંત કિશોરની મોટી જાહેરાત**

## ઘર સિવાય તમામ સંપત્તિ અને ૯૦% કમાણીનું પાર્ટીને દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૨૧**

બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૨૩૮ બેઠકો લડીને ઝીરો પર આઉટ થયેલી જન સુરાજ પાર્ટી (JSP)ના નેતા પ્રશાંત કિશોરે પાર્ટી ચલાવવા માટે દિલ્હીનું એક ઘર છોડીને તમામ સંપત્તિ પાર્ટીને દાન કરવાની જાહેરાત કરી દીધી છે. પ્રશાંતે આ સાથે જ પોતાના આવનારા પાંચ વર્ષ સુધી સલાહ આપવાની બદલે કમાણીનો ૯૦ ટકા ભાગ જન સુરાજને ડોનેટ કરવાની જાહેરાત કરી છે. પાર્ટીની હાર માટે ચંપારણના ગાંધી આશ્રમમાં ૨૪ કલાકના પ્રાયશ્ચિત ઉપવાસ તોડ્યા બાદ પ્રશાંત કિશોરે ૧૫ જાન્યુઆરીથી બિહારમાં નવેસરથી પાર્ટીનું અભિયાન શરૂ કરવાની જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, જન સુરાજી એક-એક વોર્ડમાં જશે અને સરકારી વચન પર અમલવારી કરાવશે. પાર્ટી મહિલાઓનું ફોર્મ ભરાવશે, જેથી તેમને ૧૦ હજાર મળે અથવા બાદમાં મળનારા ૨ લાખ રૂપિયા પણ સરકાર આપે. પ્રશાંત કિશોરે કહ્યું કે, મહિલાઓને ૧૦ હજાર આપતા સમયે કોઈ શરત મૂકવામાં નહતી આવી પરંતુ, ૨ લાખ રૂપિયા આપવાના નામે અધિકારી શરત જણાવી છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયે મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાની જે શરત મૂકી છે, તે શરતના અનુસાર, બિહારની દોઢ કરોડ મહિલાઓ પાસેથી ફોર્મ ભરાવીને જમા કરાવવું જન સુરાજના કાર્યકર્તાઓની જવાબદારી છે. રાજ્યના ૧ લાખ ૧૮ હજાર વોર્ડમાં જઈને ફોર્મ ભરાવશે અને જમા કરાવશે. ૨ લાખ રૂપિયા મળશે અથવા તેમને પાઠ ભણવા મળશે કે, ભવિષ્ટમાં ભૂલથી પણ મત વેચવાનો નથી.

પાર્ટીને આગળ ચલાવવા માટે સંસાધન અને પૈસાની જરૂરિયાત પર ચર્ચા કરતા પ્રશાંત કિશોરે કહ્યું કે, ૨૦ વર્ષમાં મેં જે પણ કમાયું છે, દિલ્હીનું એક ઘર પરિવાર માટે છોડીને બાકીની તમામ ચલ-અચલ સંપત્તિને જન સુરાજને દાન કરી રહ્યો છું. આવનારા ૫ વર્ષ સુધી પણ હું જે કમાઈશ, તેનું ઓછામાં ઓછું ૯૦ ટકા પાર્ટીને દાન કરીશ. આ સિવાય સામાન્ય લોકોને અપીલ કરૂ છું કે, વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયાનું દાન જન સુરાજને કરો. હવે હું ફક્ત એવા જ લોકોને મળીશ, જે વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયા જન સુરાજને દાન કરશે. હવે સંઘર્ષનો સમય શરૂ થઈ રહ્યો છે.


# મતદાર યાદીની કામગીરીથી કંટાળીને કોડીનારના BLOનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોડીનાર, તા.૨૧**

કોડીનારના BLO શિક્ષકે આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. SIR કામગીરીના દબાણથી માનસિક તણાવ આપઘાત કરી મોત વ્હાલુ કર્યુ. તેમણે સ્યૂસાઈડ નોટમાં લખ્યું કે, છેલ્લા કેટલાય દિવસથી સતત થાક અને તણાવ અનુભવું છું. તો બીજી તરફ, BLOની કામગીરીથી શિક્ષક ડિપ્રેશનમાં હોવાનો પરિવારે આક્ષેપ કર્યો. પીડિત પરિવારે ન્યાયની માંગ કરી છે.

ગીર સોમનાથના કોડીનાર નાંદેવળી ગામે રહેતા યુવા શિક્ષકે ફાંસો ખાઈ આપઘાત કર્યો છે. શિક્ષકે મોત પહેલા લખાયેલી સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં જૈની કામગીરીથી ત્રસ્ત હોવાનો ઉલ્લેખ કર્યો છે.


પ્રિય પત્ની સંગીતા

મારાથી કોઈ પણ કાળે હવે આ SIR કામ થઈ શકે એમ નથી અને હું છેલ્લા ઘણા દિવસોથી સતત થાક અને માનસિક તણાવ અનુભવું છું.

તું તારું અને આપણા દિકરાનું ધ્યાન રાખજે. હું તમને બંનેને ખૂબજ ચાહું છું. પણ હવે હું ખુબજ મજબુર બની ગયો છું અને મારી પાસે આ અંતિમ પગલું ભરવા સિવાય કોઈ રસ્તો નથી.

મારો આ થેલો અહીં પડ્યો છે તેમાં બધું જ કામગીરીનું સાહિત્ય છે. તે સ્કુલે આપી દેજે.

I am very Sorry My Dear Wife Sangita and My Loving Dear son Krishay.

Dt. 21-11-2025
Time-6:35am



શિક્ષકે આપઘાત કરતા પહેલા પત્નીના નામે હચમચાવી દેતી સ્યૂસાઈડ નોટ છોડી. જેમાં લખ્યું હતું કે, મારાથી કોઈ પણ કાળે હવે આ SIR કામ થઈ શકે એમ નથી અને હું છેલ્લા ઘણા દિવસોથી સતત થાક અને માનસિક તણાવ અનુભવું છું. તું તારું અને આપણા દીકરાનું ધ્યાન રાખજે, હું તમને બંનેને ખૂબજ ચાહું છું. પણ હવે હું ખુબ જ મજબુર બની ગયો છું. અને મારી પાસે આ અંતિમ પગલું ભરવા સિવાય કોઈ રસ્તો નથી. મારો આ થેલો અહી પડ્યો છે, તેમાં બધી જ કામગીરીનુ સાહિત્ય છે. તે સ્કૂલે આપી દેજે. I am very Sorry My Dear Wife Sangita and My Loving Dear son Krishay.

પરિવાર અને શિક્ષણ સંઘે કહ્યું કે, બી.એલ.ઓ ની કામગીરીને કારણે શિક્ષક ડિપ્રેશનમાં હતા. અનેક શિક્ષકો આવી માનસિક યાતનાઓ ભોગવી રહ્યાં છે. પીડિત પરિવારને એક કરોડ આપવાની માંગ ગીર સોમનાથના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના અધ્યક્ષ વિનોદભાઈ બારડ દ્વારા કરવામાં આવી છે .

ચૂંટણી પંચ ના મુખ્ય ચૂંટણી અધિકારી હારીજ શુક્લાએ આ સંદર્ભે કંઈ પણ બોલવાનો ઈનકાર કર્યો. સમગ્ર ઘટનામાં ગીર સોમનાથ એસપી દ્વારા તપાસ ચાલુ હોવાની વાતનું રટણ કર્યું. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચની કામગીરીથી જ કંટાળીને શિક્ષકે આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક તારણ છે. જોકે આત્મહત્યા પાછળનું કારણ સ્થાનિક પોલીસ દ્વારા જ કહી શકે છે.

તો આ મુદ્દે અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘના પ્રચાર અધ્યક્ષ રાકેશકુમાર ઠાકરે જણાવ્યું કે, SIRની કામગીરીના દબાણના કારણે શિક્ષકે આત્મહત્યા કરી. અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ છેલ્લા અઠવાડિયાથી સરકારના ધ્યાનમાં આ બાબત લાવી રહી છે. ૧૫ તારીખે તમામ વિધાનસભા મતવિસ્તારમાં આવેદન આપ્યું છે. શિક્ષક સતત દબાણ અનુભવી રહ્યાં છે. ખેડા જિલ્લામાં પણ કુટુંબે પણ આક્ષેપ કર્યો છે. આ કામગીરી લઈને શિક્ષક માનસિક સંતુલન અને હતોત્સાહ થઈ ગયો હતો અને આત્મહત્યા તરફ પ્રેરાયો. શિક્ષકના મોતથી એમના કુટુંબને પડેલી ખોટ પૂરી થઈ શકે તેમ નથી.

## ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા SIR ની કામગીરી અંતર્ગત

# માનસિક ત્રાસ અનુભવતાં શિક્ષકો અને આત્મહત્યા જેવી દુ:ખદ ઘટના બાબતે રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરાઈ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**ઓલપાડ, તા.૨૧**

હાલ સમગ્ર રાજ્યમાં SIR ની કામગીરી ચાલી રહેલ છે જેમાં સૌથી વધુ પ્રાથમિક શિક્ષકો જ BLO તરીકે ફરજ બજાવી રહ્યાં છે. જેઓને કામગીરી ઝડપથી કરવા માટે તંત્ર તરફથી ખૂબ જ દબાણ અને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે, જેનાં કારણે સાબરકાંઠા, ખેડા અને ગીરસોમનાથનાં પ્રાથમિક શિક્ષકોને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. આજે ગીરસોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાનાં શિક્ષક અરવિંદભાઈ વાઢેરે SIR ની કામગીરીનાં માનસિક ત્રાસથી જીવન ટૂંકાવ્યું છે જે ખૂબ જ દુ:ખદ ઘટના છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ વધુમાં કહેતાં જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં SIR ની ઓનલાઈન કામગીરી ઝડપથી કરવા શિક્ષકોને સમય જોયા વગર રાત્રે મોડા સુધી બેસાડી રાખવામાં આવે છે. જેમાં શિક્ષિકા બહેનોને પારિવારીક જવાબદારી પણ હોય તેમ છતાં ધમકાવવામાં આવે છે. ફોર્મ ઉપર BLO નાં મોબાઈલ નંબર છાપેલ હોવાનાં કારણે મોડી રાત્રે પણ નાગરિકો શિક્ષિકાઓને ફોન કરી અભદ્ર ભાષા પ્રયોગ કરી પરેશાન કરવાની પણ ઘટનાઓ બનેલ છે. એકસાથે સમગ્ર રાજ્યમાં કામગીરી થતી હોય સર્વર ધીમુ ચાલે છે. વારંવાર BLOની મિટીંગો બોલાવવાથી સમયનો વ્યય થાય છે. અન્ય કર્મચારીઓનો પૂરતો સહકાર પણ મળતો નથી. BLO ઉપર દરેક અધિકારી દ્વારા માત્ર પ્રેશર જ અપાય એ યોગ્ય નથી.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ એવાં કિરીટભાઈ પટેલ પાસેથી મળતી માહિતી અનુસાર આજરોજ ગાંધીનગર ખાતે રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીને ઉપરોક્ત વિટંબણાઓ પરત્વે જે લેખિત રજૂઆત કરવામાં આવી તે આ મુજબ છે. (૧) એક જ લોગીનથી ઑનલાઈન થાય છે જેનાં બદલે પહેલાની જેમ બીજા બે થી ત્રણ લોગીનનો એકસેસ આપવામાં આવે. (૨) સાંજે મોડે સુધી શિક્ષક/ શિક્ષિકાને બેસાડી ન રાખવામાં આવે. (૩) ઑનલાઈન કામગીરી અન્ય કર્મચારીઓ કે જેઓ કોમ્પ્યુટર અને ટેકનોલોજીનો સારી રીતે ઉપયોગ કરી શકતા હોય તેવાં અથવા આઉટ સોર્સિંગનાં યુવાનો પાસે કરાવવામાં આવે. (૪) આ કામગીરી દરમિયાન અમારા જે શિક્ષકોનાં મૃત્યુ થયા છે તેઓનાં પરીવારને એક કરોડની સહાયની અમો માંગણી કરીએ છીએ. (૫) SIR કામગીરીની સમયમર્યાદામાં વધારો કરવામાં આવે. (૬) સર્વરને અપડેટ કરવામાં આવે. (૭) શિક્ષકો સાથે શિક્ષકની ગરીમા જળવાય એ રીતે વ્યવહાર કરવા માટે સૂચના આપવામાં આવે. (૮) SIR કામગીરી માટે ઈન્સ્ટ્રુમેન્ટ અને ડેટા રિચાર્જ કરી આપવામાં આવે. (૯) શિક્ષકોને નોટીસ આપી ધમકાવવાની અને ધરપકડ કરવાની માનસિકતા છોડી તમામ નોટીસો પાછી ખેંચવામાં આવે.

આ સાથે સદર પત્ર રાજ્યનાં શિક્ષણમંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય કક્ષાનાં શિક્ષણમંત્રીશ્રી રિવાબા જાડેજા સહિત અગ્ર સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ તથા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સાદર રજૂ કરેલ છે.

## શિક્ષકો માટે માથાનો દુખાવો બની SIRની કામગીરી

# ગુજરાત સહિત દેશમાં ૮ BLO એ અત્યાર સુધી કર્યો આપઘાત

**દેશભરના ઘણા રાજ્યોમાં બુથ લેવલ ઓફિસર (BLO) ના સતત થઈ રહેલા મોતે ગંભીર ચિંતા પેદા કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૧**

ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના છારા ગામમાં SIR નું કામ કરી રહેલા બુથ લેવલ ઓફિસર (BLO) અને શિક્ષક અરવિંદ વાઢેરે કામના ભારણને કારણે આપઘાત કરી લીધો છે. આ ઘટનાએ શિક્ષણ સમુદાયને હચમચાવી દીધો છે અને શિક્ષક સંઘમાં ભારે આક્રોશ પેદા કર્યો છે.

૪૦ વર્ષીય અરવિંદ વાઢેરે આપઘાત પહેલા પત્નીને સંબોધિત એક ભાવુક સ્યુસાઇડ નોટ લખી છે. જેમાં તેમણે લખ્યું- મારાથી હવે આ SIRનું કામ થઈ શકશે નહીં. હું સતત કેટલાક દિવસથી થાક અને મુશ્કેલીનો સામનો કરી રહ્યું છે. તું તારૂ અને પુત્રનું ધ્યાન રાખજે. હું તમને ખૂબ પ્રેમ કરતો હતો, પરંતુ હવે હું મજબૂર થઈ ગયો છું. મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તેમણે લખ્યું- મારી બેગમાં SIRના બધા કાગળિયા છે, જેને મારી સ્કૂલમાં જમા કરાવી દેજો. આ ઘટના બાદ અખિલ ભારતીય રાષ્ટ્રીય શિક્ષક મહાસંઘ, ગુજરાત પ્રાંતના SIR હેઠળ શિક્ષકો દ્વારા કરવામાં આવી રહેલી ઓનલાઈન પ્રક્રિયાના બહિષ્કારની જાહેરાત કરી છે અને આગળની રણનીતિની ચર્ચા કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં એક બીએલઓએ પોતાનો જીવ આપી દીધો છે, જ્યારે પશ્ચિમ પંગાળના જલપાઈગુડીમાં એક BLOએ કથિત રીતે આપઘાત કર્યો હતો. રાજસ્થાનમાં બે ઘટના સામે આવી- સવાઈ માધોપુરમાં એક બીએલઓનું હાર્ટ એટેકથી મોત થયું, જયપુરમાં એક સરકારી સ્કૂલના શિક્ષકે ૧૬ નવેમ્બરે આપઘાત કર્યો હતો. પરિવારનો આરોપ છે કે તે મતદાતા યાદી સાથે જોડાયેલા કામને લઈને દબાવમાં હતા.

તમિલનાડુના કુંભકોણમમાં એક વરિષ્ઠ નાગરિક આંગણવાડી BLOએ કામના ભારણને લીધે ૪૪ ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. કેરલના કન્નૂરમાં પણ એક બીએલઓએ SIRના કામને કારણે જીવનલીલા સમાપ્ત કરી હતી. પશ્ચિમ બંગાળના પૂર્વ વર્ધમાનમાં ૯ નવેમ્બરે એક BLOનું બ્રેન સ્ટ્રોકથી મોત થયું હતું.

# ૧૪૨ વખત રક્તદાન કરનાર વલસાડના રક્તદાતા ભીખુભાઈ ભાવસારે ૧૦૦મી વાર પ્લેટલેટ દાન કરી માઈલસ્ટોન સિધ્ધિ મેળવી

**આ અદ્વિતીય સિદ્ધિ માત્ર આંકડો નથી, પરંતુ સમાજ પ્રત્યેની નિસ્વાર્થ ભાવના, સમર્પણ અને સતત માનવ સેવા માટેનું જીવંત ઉદાહરણ છેઃ ડાયરેક્ટર ભાવેશ રાયચા**

**ભીખુભાઈએ ૩૦ શિબિરો યોજી ૨૫૦૦ થી વધુ લોકોનું રક્તદાન મેળવી અનોખી માનવ સેવા ચરિતાર્થ કરી છે**




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**વલસાડ, તા.૨૧**

સામાન્ય રકતદાન કરતાં પણ લોકો ડરે છે ત્યારે વલસાડના ૫૩ વર્ષીય શતક રક્તદાતા શ્રી ભીખુભાઈ ભાવસારે પ્લેટલેટ ડોનેશનમાં શતક પૂર્ણ કરી વિશેષ સિદ્ધિ મેળવી છે. ભીખુભાઈ ભાવસારે માનવ સેવા અને રક્તદાનના મહાન સંકલ્પને આગળ વધારતા પોતાના જન્મદિવસના બે દિવસ બાદ તા.૧૬ નવેમ્બરે ૧૦૦મી વખત પ્લેટલેટ ડોનેશન (Apheresis) પૂર્ણ કરી વિશિષ્ટ માઈલસ્ટોન હાંસલ કર્યું છે.

વલસાડ બ્લડ બેંકના ડાયરેક્ટર શ્રી ભાવેશભાઈ રાયચાએ જણાવ્યું કે, શતક રક્તદાતાશ્રી ભીખુભાઈ ભાવસારે આજ પર્યંત કુલ ૧૪૨ વખત રક્તદાન કર્યું છે. આ અદ્વિતીય સિદ્ધિ માત્ર આંકડો નથી, પરંતુ સમાજ પ્રત્યેની તેમની નિસ્વાર્થ ભાવના, સમર્પણ અને સતત માનવ સેવા માટેનું જીવંત ઉદાહરણ છે તેઓ માત્ર રક્તદાન જ નથી કરતાં પણ વર્ષમાં બે વાર નિયમિત રક્તદાન શિબિર યોજી યુવાનોને રક્તદાન માટે સતત પ્રોત્સાહિત કરી હાલ પર્યંત ૩૦ શિબિરો યોજી ૨૫૦૦ થી વધુ લોકોનું રક્તદાન મેળવી અનોખી માનવ સેવા ચરિતાર્થ કરી છે. પ્લેટલેટ ડોનેશન દ્વારા અસંખ્ય દર્દીઓને જીવનદાન મળે છે અને રક્તદાન માટેનો તેમનો સતત પ્રયત્ન અસંખ્ય જીવનો માટે આશાનું કિરણ બની રહ્યો છે.

વલસાડ રક્તદાન કેન્દ્રના માનદ્ મંત્રી ડો. વિશાલ મહેતાએ સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બનવા બદલ શ્રી ભીખુભાઈને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી સાતત્યપૂર્ણ રક્તદાન અને રક્તદાન શિબિર આયોજન થકી રક્તદાન કેન્દ્રને સહયોગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. મેડિકલ ડાયરેક્ટર ડૉ. કમલ પટેલે તેમની આ અદ્ભૂત સેવા અને માનવતા પ્રત્યેની પ્રતિબદ્ધતા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. ભીખુભાઈ ભાવસારે ૧૦૦માં પ્લેટલેટ ડોનેશન બાદ ટીમ વલસાડ રક્તદાનનો આભાર વ્યક્ત કરી હાલમાં રક્તની અછત નિવારવા- માનવતા માટે રક્તદાન કરવા અપીલ કરી હતી.

વધુમાં ભીખુભાઈ ભાવસારે જણાવ્યું કે, હાલમાં રક્ત અને પ્લેટલેટ્સ બંનેની અછત જોવા મળી રહી છે. અનેક દર્દીઓ તેમની સારવાર માટે રક્ત મેળવવા રક્તદાતાની રાહ જુએ છે. આ પરિસ્થિતિમાં રક્તદાન અને પ્લેટલેટ દાન બંને અત્યંત જરૂરી છે. જો તમે સ્વસ્થ હો, તો કૃપા કરીને નિયમિત રક્તદાન કરો, નાના રક્તદાન શિબિર યોજી રક્તદાન કેન્દ્રને સહયોગી થાવ જેથી તમારું એક રક્તદાન કોઈનું જીવનદાન બની શકે છે.

### સિંગલ ડોનર પ્લેટલેટ (SDP) શું છે અને તેનું મહત્વ જાણીએ

વલસાડ બ્લડ બેંકના મેડિકલ ડાયરેક્ટર અને ટ્રાન્સફ્યુઝન સ્પેશિયાલિસ્ટ ડૉ. કમલ પટેલે જણાવ્યું કે, સિંગલ ડોનર પ્લેટલેટ એટલે એક જ દાતાના રક્તમાંથી Apheresis મશીન દ્વારા માત્ર પ્લેટલેટ્સ અલગ કરીને મેળવી લેવામાં આવે છે. આ પ્રક્રિયામાં દાતામાંથી પ્લેટલેટ્સ લેવામાં આવે છે અને બાકીનું રક્ત તેમને પાછું આપી દેવામાં આવે છે. સિંગલ ડોનર પ્લેટલેટની અગત્યતા સમજાવતા વધુમાં તેઓ જણાવે છે કે, પ્લેટલેટ્સનો ઉપયોગ કેન્સર દર્દીઓ, ડેન્ગ્યુ દર્દીઓ, બ્લીડિંગ ડિસઓર્ડર તેમજ મોટા ઓપરેશન કરાવતા દર્દીઓનાં જીવ બચાવવા થાય છે. SDP દ્વારા મળતા પ્લેટલેટ્સ એક જ દાતાથી મળે છે, તેથી રોગીના શરીર સાથે બહુ સારી રીતે મેચ થાય છે અને દર્દી માટે જોખમો ઘટે છે. ખાસ કરીને ગંભીર દર્દીઓ માટે SDP વધુ પ્રભાવી, ઝડપી અને અસરકારક હોય છે. SDPથી મળતા પ્લેટલેટ્સની માત્રા વધુ હોય છે, એટલે એક દાનથી એક દર્દીને પૂરતું પ્લેટલેટ યુનિટ મળી શકે છે.

# સુરતમાં ફરી નકલી પનીર, ચીઝ અને ઘી મળી આવ્યાઃ રેડમાં લેવાયેલા અનેક સેમ્પલ ફેલ નીકળ્યા

**તપાસમાં ૬ નમૂના 'અનસેફ' જાહેર થયા છેઃ પનીર-ચીઝ-ઘીના નામે ભેળસેળનો ભાંડાફોડ થયો**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૨૧**

આખા ગુજરાતમાં હવે ભેળસેળનું પ્રમાણ વધી રહ્યું છે. આરોગ્ય વિભાગના દરોડામાં ઠેર ઠેર નકલી ખાણીપીણી પકડાઈ રહી છે. આવામાં સુરત નકલી વસ્તુઓનું હબ બની રહ્યુ છે. ચટાકાના શોખીન સુરતીઓએ હવે બહાર ખાવાથી ચેતી જવું જોઈએ. કારણ કે, પનીર–ચીઝ–ઘીના નામે ભેળસેળનો ભાંડાફોડ થયો છે.

SMCના આરોગ્ય વિભાગની સઘન તપાસમાં ૬ નમૂના 'અનસેફ' જાહેર થયા છે. પનીર એનાલોગ, ચીઝ એનાલોગ અને ઘીના નમૂનાઓ ખાવાલાયક ન હોવાનું આરોગ્ય વિભાગની તપાસમાં ખૂલ્યું છે. ૩ થી ૧૫ નવેમ્બર દરમિયાન ચાલેલી વિશેષ ડ્રાઈવમાં મોટા પાયે ભેળસેળ પકડાઈ છે.

**કોના કોના સેમ્પલ ફેલ નીકળ્યા**

- ★ વર્ષા સોસાયટીની એચ.એલ. ફ્રોઝન ફૂડનો પ્રોસેસ્ડ ચીઝ એનાલોગ નિષ્ફળ
- ★ સાઈધામ સોસાયટીની શિવ ધર્મરાજ ડેરીનો નોન-બ્રાન્ડેડ ચીઝ એનાલોગ અનસેફ
- ★ ઉધનાની એસ.પી. માર્કેટિંગનું 'શ્રી વલ્લભ દેસી ઘી' અખાદ્ય જાહેર
- ★ પરમાનંદ ઈન્ડસ્ટ્રીઝની જય ગાયત્રી ડેરીના ઘીનો નમૂનો ફેલ
- ★ નાનપુરાની ઈન્ડિયા ડેરીમાંથી લેવામાં આવેલા ઘીમાં ભેળસેળ બહાર આવી
- ★ મોટા વરાછાની ઘી પેલેસના ભેંસના ઘીનો નમૂનો પણ અનસેફ જાહેર. સ્થળ પરથી ૩૩ કિલો ચીઝ એનાલોગનો જથ્થો SMC એ સીઝ કર્યો. જથ્થાની કિંમત અંદાજે રૂ.૧૦,૦૮૦ ગણવામાં આવી.

આ વિશે આરોગ્ય અધિકારી બીઆર. બ્રહ્મભટ્ટે કહ્યું કે, અનસેફ નમૂનાઓ મામલે જવાબદાર સામે મ્યુનિસિપલ કોર્ટમાં કેસની તૈયારી કરી છે. પાલિકાની કાર્યવાહીથી ભેળસેળિયા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. ડેરી પ્રોડક્ટ્સ ખરીદતી વખતે સુરતીઓને વધુ સાવધાન રહેવાની અપીલ કરી છે.

થોડા સમય પહેલા સુરતમાં ખટોદરા વિસ્તારમાં સુરભી ડેરીના પનીરના ગોડાઉનમાંથી લેવાયેલા પનીરના નમૂના સબ સ્ટાન્ડર્ડ હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં ખૂલ્યું કે, ફેટનું પ્રમાણ ૫૦ ટકા હોવું જોઈએ, જે ૩૫ ટકા જ છે. દૂધને બદલે સ્ટાર્ચ અને વેજીટેબલ ફેટની માત્રા મળી આવી. સાથે જ તેમાં Bita-sitostero lપ્રિઝન્ટ મળ્યું છે, જે એબ્સન્ટ હોવું જોઈએ. આ પનીર ખાવાથી શરીરમાં સ્ટાર્ચ પાચન સમસ્યા ઉદભવે છે, ગેસ, પાચન શક્તિ તેમજ અન્ય બીજી તકલીફો પેદા થઈ શકે છે. જેથી આંતરડામાં નેચરલ માઈક્રોબ ખોરવાઈ શકે છે. રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. પાચન સંબંધિત રોગોનું જોખમ વધે છે. આ પનીર ખાવા થી પ્રોટીન અને કેલ્શિયમ મળતું નથી જેના કારણે લાંબે ગાળે સમસ્યા સર્જાઈ શકે છે.

બનાસકાંઠાના ડીસા ગ્રામ્ય વિસ્તારમાં શંકાસ્પદ ઘીની ફેક્ટરી પર એસઓજીની ટીમે રેડ પાડી હતી. અંદાજિત ૫૦૦ કિલો શંકાસ્પદ ઘી એસઓજીએ જપ્ત કર્યું છે. ડીસાના ગ્રામ્ય વિસ્તારમાં ઘણા સમયથી શંકાસ્પદ ઘીની ફેક્ટરી ધમધમી રહી છે. એસઓજીએ વહેલી સવારે રેડ કરી અને મુદ્દા માલ જપ્ત કરી અને કાર્યવાહી શરૂ કરી છે. જિલ્લાનો ફૂડ વિભાગ ઊંઘતો રહ્યો અને SOG પોલીસે ફેક્ટરી ઝડપી પાડી. એસઓજીની કાર્યવાહી બાદ મુદ્દામાલ અને આરોપીઓની વિગતો સામે આવશે. તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલા પનીર, કપાસિયા તેલ અને પાણીના નમૂના ફેલ થયા છે. અનમોલ બ્રાન્ડ કપાસિયા તેલની અંદર કપાસિયા તેલ જ ન હતું..! ક્રિસ્ટલ બેવરેજીસના બિલકિંગ વોટરમાં વધુ પડતા બેક્ટેરિયા જોવા મળ્યા. શ્યામ ડેરીના નમૂના ફેલ થયા, બટરમાં પણ ભેળસેળ ખૂલી છે. ભેળસેળિયા તત્વો સામે દંડ અને કોર્ટ કેસ સહિતની કાર્યવાહી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## ગુજરાત ATS એ ISIS મોડ્યુલ અંગે એક મોટો ખુલાસો કયો

# આતંકવાદીઓ અમદાવાદ હથિયાર લેવા આવ્યા હતા, હોટલમાં રોકાઈને બનાવ્યો હતો ખતરનાક પ્લાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૧**

ગુજરાત ATS એ ISIS મોડ્યુલ અંગે એક મોટો ખુલાસો કર્યો છે. આ મોડ્યુલના આતંકીઓ "રાઈઝિન" નામના કેમિકલનો ઉપયોગ કરીને દેશવ્યાપી કેમિકલ હુમલાનું આયોજન કરી રહ્યા હતા. મોડ્યુલનો માસ્ટરમાઈન્ડ, અહેમદ સૈયદ મોઈનુદ્દીન ૭ નવેમ્બરની સાંજે અમદાવાદમાં હોટેલ ગ્રાન્ડ એમ્બિયન્સમાંથી બહાર નીકળતો જોવા મળ્યો હતો.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, આતંકવાદીઓ હથિયારો એકત્રિત કરવા માટે અમદાવાદ આવ્યા હતા.

ઉત્તર પ્રદેશના લખીમપુરના રહેવાસી મોહમ્મદ સુહેલ પાસેથી કાળા ISIS ઝંડા મળી આવ્યા છે, જે આ જ મોડ્યુલમાં સામેલ અન્ય એક આતંકવાદી છે. ચીનથી MBBS પૂર્ણ કરનાર અને હૈદરાબાદના રહેવાસી, અહેમદ સૈયદ મોઈનુદ્દીન, જે એક ડૉક્ટર છે, તેની આતંકવાદી પ્રોફાઈલ પણ મળી આવી છે. દસ્તાવેજો પણ મળી આવ્યા છે, જે દર્શાવે છે કે, હેન્ડલર્સ વચ્ચેની વાતચીત ડિજિટલી ગુપ્ત રાખવાના હતા.

જણાવી દઈએ કે, ગુજરાત ATS એ ત્રણ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. આ જ કેસમાં હૈદરાબાદમાં એક ડૉક્ટરની પણ ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ATS હૈદરાબાદમાં ડૉ. અહેમદ સૈયદના ઘરે પહોંચી, ત્યારે તેઓએ આતંકવાદ સંબંધિત મોટી માત્રામાં ગુનાહિત સામગ્રી જપ્ત કરી હતી. ડૉ. અહેમદના ભાઈ ઉમરે જણાવ્યું કે, બુધવારે વહેલી સવારે ૧૦ લોકો પહોંચ્યા અને ૩ કિલો એરંડાનો પલ્પ, ૫ લિટર એસીટોન, કોલ્ડ-પ્રેસ તેલ કાઢવાનું મશીન અને એસીટોન ડિલિવરી માટે રસીદ લઈ ગયા હતા. ઉમરે જણાવ્યું કે, તેના ભાઈ અહેમદે ચીનમાં દવાનો અભ્યાસ કર્યો હતો અને તેને એક પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો હતો. એરંડાનો પલ્પ ખૂબ જ ઝેરી રાઈઝિન ઉત્પન્ન કરવા માટે વપરાય છે. તે માનતો નથી કે, તેનો ભાઈ અહેમદ રાઈઝિનની ખતરનાક ઝેરી વિશે જાણતો હોય.

રાઈઝિન એક અત્યંત ઝેરી કુદરતી પ્રોટીન છે. એરંડાના પલ્પમાંથી તેલ કાઢ્યા પછી રાઈઝિન નીકળે છે. તે એક ખૂબ જ શક્તિશાળી ઝેર છે, જેનો ઉપયોગ જૈવિક શસ્ત્રો બનાવવા માટે થઈ શકે છે. જો શ્વાસમાં લેવામાં આવે, ઈન્જેક્ટ કરવામાં આવે અથવા ગળી જાય તો રાઈઝિન જીવલેણ બની શકે છે.


**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**

**દિપક સોલંકી - 98796 87316**

સૌથી વધુ રજીસ્ટ્રેશન ધાનેરામાં કરાવ્યું

# ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવાયો





**ટેકાના ભાવે ખેડૂતોને ૧૪૫૨ રૂપિયા મળી રહ્યા છે જ્યારે બજારમાં ૧૧૦૦થી ૧૨૫૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલોએ મળી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બનાસકાંઠા,તા.૨૧**
રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં પ્રતિ ૨૦ કિલોએ ખેડૂતોને ૧૪૫૨ રૂપિયા આપવામાં આવતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. બજારમાં ખેડૂતોને ૧૧૦૦થી ૧૨૫૦ રૂપિયા મળી રહ્યા છે. જ્યારે મગફળીની ખરીદીમાં ખેડૂતોને વધુ પૈસા મળતા, ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

ટેકાના ભાવે મગફળીનું બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ રજીસ્ટ્રેશન ધાનેરામાં કરાવ્યું હતું. ધાનેરામાં ૨૦,૭૧૪ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ટેકાના ભાવે ખેડૂતોને ૧૪૫૨ રૂપિયા મળી રહ્યા છે જ્યારે બજારમાં ૧૧૦૦થી ૧૨૫૦ રૂપિયા પ્રતિ ૨૦કિલોએ મળી રહ્યા છે.આમ, બજાર કરતા ટેકાના ભાવે સારા પૈસા મળતા, ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. ગત વર્ષે ૩૦ જેટલા જ કાંટા હતા અને આ વર્ષે ૧૦ જેટલા કાંટાનો વધારો કરવામાં આવતા બપોર સુધી જ ખેડૂતોનો વારો આવી જાય છે અને મોડી રાત સુધી ખેડૂતોને ઉભા રહેવું નથી પડતું, જેના કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે.

ગત વર્ષે મગફળી ભરેલા ટ્રેકટરોના લીધે ધાનેરા ડીસા હાઈવે પર ટ્રાફિક જામના દર્શ્યો પણ સર્જાતા હતા, પરંતુ આ વર્ષે તમામ ટ્રેકટરો માટે ૭ વિઘા જમીનમાં પાર્કિંગ બનાવવામાં આવ્યું છે.

ટોકન પ્રમાણે પાર્કિંગ કરાવ્યા બાદ ટ્રેકટરોને મગફળી ખરીદી સેન્ટર પર લઈ જવામાં આવે છે, જેથી ધાનેરા ડીસા હાઈવે પર ટ્રાફિક સમસ્યા પણ હલ થઈ છે. ૧૧ દિવસમાં ૪૪૦૦ ખેડૂતોની મગફળી તોલવામાં આવી છે, એટલે ૨૦ ટકા જેટલા ખેડૂતોનો માલ તોલાઈ જતા, ખેડૂતોમાં અત્યારે ખુશીનો માહોલ છે. પહેલી વાર ખેડૂતો સરકારનો આભાર માનતા જોવા મળી રહ્યા છે.

લોકોના આરોગ્ય સાથે ચેડાં

# વલસાડમાં એક્સપાયરી ડેટવાળા સોસનું વેચાણ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**વલસાડ,તા.૨૧**
વલસાડના તિથલ રોડ પર આવેલા પોસ્ટ વિસ્તારમાં આવેલી અનમ લો પ્રાઈઝ નામની દુકાનમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં થવાની ગંભીર ઘટના સામે આવી છે. આ દુકાનમાં રાખેલા ખાદ્ય પદાર્થોનું મટીરીયલ એક્સપાયરી ડેટ વાળું હોવાનું જાણવા મળ્યું છે. ખાસ કરીને ગ્રીન ચીલી સોસની બોટલો એક્સપાયરી ડેટવાળી મળી આવતા ગ્રાહકોમાં રોષ ફેલાયો છે.

એક ગ્રાહકે આ બાબતે દુકાન માલિકને ફરિયાદ કરી હતી પરંતુ દુકાન માલિકે ઉડાઉ જવાબ આપ્યો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો પણ સામે આવ્યો છે. જે દુકાનની બેદરકારીને સ્પષ્ટ દર્શાવે છે. એક્સપાયરી ડેટવાળા ખાદ્ય પદાર્થોનું વેચાણ કરીને ગ્રાહકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવા બદલ આ દુકાન સામે કાયદેસરની કાર્યવાહી થવી જરૂરી છે.

નવસારી એલસીબી પોલીસે

# ચીખલીના હરણગામ ગામેથી રૂા.૨૮.૪૭ લાખના દારૂ સાથે ટેમ્પો ચાલકની ધરપકડ કરી



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૧**
નવસારી એલસીબી પોલીસે ચીખલીના હરણગામ ગામેથી રૂા. ૨૮.૪૭ લાખનો વિદેશી દારૂના મુદ્દામાલ સાથે ટેમ્પો ચાલકની ધરપકડ કરી રૂા. ૩૮.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગુનામાં સંડોવાયેલા અન્ય ચાર જેટલાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી એલસીબી પોલીસના પીઆઇ-વી.જે.જાડેજા, એસ.વી.આહીર, પીએસઆઇ-વાય.જી.ગઢવી, હે.કો-ગણેશ દીનું, બ્રિજેશ સતીશચંદ્ર, પો.કો-કિરણ ભગુભાઇ સહિતનો સ્ટાફે પૂર્વ બાતમીના આધારે ખુડવેલ થી રાનકુવા જતા રોડ ઉપર હરણગામ ગામે ચિકન ધાબા પાસે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમી મુજબનો મહિન્દ્રા એસએમએલ ટેમ્પો નં.એમએચ-૪૮-સીબી-૪૧૭૪ આવતા જેને સરકારી લાકડી બતાવી ઉભી રાખી ટેમ્પાની તલાસી લેતા અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂ તથા વોડકા, ટીન બિયરની નાની મોટી બોટલ નંગ-૯૩૯૬ કિ.રૂ.૨૮,૪૭,૩૬૦/-, ટેમ્પાની કિ.રૂ.૧૦-લાખ, એક મોબાઇલ મળી કુલ્લે ૩૮,૫૭,૩૬૦/- રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી ટેમ્પો ચાલક મનીષ પ્રવિણભાઇ ધોડિયા પટેલ (ઉ.વ-૩૦) (રહે.રખોલી ગામ પટેલ ફળીયા દાદરા નગર હવેલી સેલવાસ) ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર મિશ્રા તથા દારૂનો જથ્થો મંગાવનાર નયનેશ ઉર્ફે નયનેશ કાળીયો પટેલ (રહે.ધોળીકુઇ તા.મહુવા જી.સુરત), જીગો પટેલ (રહે.ડુંગરી તા.મહુવા જી.સુરત) તેમજ મહિન્દ્રા ટેમ્પોના હાલના માલિક સહિત ચાર જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ પોલીસ કરી રહી છે.

# રાજકોટમાં મહિલા ટ્રાફિક પોલીસની દાદાગીરી સામે આવી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ,તા.૨૧**
રાજ્યમાં અવાર-નવાર પોલીસ દ્વારા સત્તાનો દુરૂપયોગ કર્યાના સમાચાર સામે આવતા હોય છે. પોલીસની દાદાગીરીના કારણે અનેકવાર સામાન્ય લોકો પરેશાન થતા હોય છે. એવામાં આવો જ વધુ એક ગંભીર કિસ્સો રાજકોટમાંથી સામે આવ્યો છે. જ્યાં એક મહિલા ટ્રાફિક પોલીસકર્મી પોતાની સત્તાનો દુરૂપયોગ કરી જાહેરમાં એક યુવકને માર મારતી જોવા મળી રહી છે. આ સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, આ ઘટના ગત ૧૮ નવેમ્બરે શહેરના મુખ્ય ગણાતા યાજ્ઞિક રોડ પર બની હતી. વિવાદનું મુખ્ય કારણ કાર પાર્કિંગનો મુદ્દો હોવાનું સામે આવ્યો છે.

ઘટનાને લઈને સ્થાનિક લોકોને આક્ષેપ છે કે, કારના માલિકે નો-પાર્કિંગમાં પાર્કિંગ કર્યું નહતું, તેમ છતાં ટ્રાફિક પોલીસ દ્વારા તેને લોક મારી દેવાયું. કાર માલિકે જ્યારે આ બાબતે દલીલ કરી અને પોલીસની કાર્યવાહીનો વીડિયો બનાવવાનો શરૂ કર્યો, તો મહિલા ટ્રાફિક પોલીસ રોષે ભરાઇ અને ગાડીમાંથી બહાર આવી જાહેરમાં યુવકને ત્રણથી ચાર લાફા ઝીંકી દીધા હતા. સ્થાનિકોનો આરોપ છે કે, મહિલા પોલીસકર્મી દ્વારા ગાળો પણ ભાંડવામાં આવી હતી.

મહિલા ટ્રાફિક પોલીસકર્મીની દાદાગીરીની આ સમગ્ર ઘટના સ્થળ પર લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. વીડિયો વાઈરલ થયા બાદ ટ્રાફિક પોલીસકર્મીની વર્તણૂક ફરી એકવાર વિવાદનું કારણ બની છે.

નોંધનીય છે કે, પોલીસ વિભાગે આ ઘટનાની ગંભીરતાથી નોંધ લીધી છે. હવે આ વાઈરલ ફૂટેજ અને CCTVના આધારે ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવશે. ફરજ પરના પોલીસકર્મી સામે શું પગલાં લેવામાં આવે છે, તે જોવું મહત્ત્વનું રહેશે.

# સુરતમાં નકલી દસ્તાવેજો સાથે અફઘાની નાગરિક ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૨૧**
સુરત શહેરમાં નકલી દસ્તાવેજોના આધારે ભારતીય નાગરિકતા મેળવવાનો એક ગંભીર અને ચોંકાવનારો કેસ બહાર આવ્યો છે. અફઘાનિસ્તાનનો મૂળ રહેવાસી અને વર્ષોથી સુરતમાં વસવાટ કરતો એક વ્યક્તિ નકલી જન્મ પ્રમાણપત્રના આધાર પર ભારતીય પાસપોર્ટ સહિત અનેક સંવેદનશીલ દસ્તાવેજો મેળવવામાં સફળ થયો હતો. પરંતુ, શ્રમ અધિકારીની કાર્યવાહી દરમિયાન આ ભેજાબાજનો ભાંડો ફૂટ્યો છે, ત્યારે સમગ્ર મામલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં હવે ગંભીર ગુનો નોંધાયો અને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.માહિતી મુજબ, આરોપી મોહમદ આમીર જાવીદ ખાન (ઉંમર ૪૨) અફઘાનિસ્તાનના કાબુલનો રહેવાસી છે. હાલ તે સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ મલ્બાર પ્લસ બિલ્ડિંગમાં રહેતો હતો. આતંકવાદી અથવા ગુનાહિત બેકગ્રાઉન્ડ વગરના વિદેશી નાગરિકોને ભારતમાં રહેવા માટે યુ.એન. રેફ્યુઝી એજન્સી (UNHCR) દ્વારા માન્યતા કાર્ડ આપવામાં આવે છે. જેથી આ મોહમદ આમીર પાસે આ કાર્ડની સુવિધા તો હતી, જેના આધારે તે ભારતમાં રહેતો હતો. પરંતુ, ભારતમાં કાયમી વસવાટ અને ભારતીય નાગરિકતા મેળવવાની ઈચ્છાએ તેને હાલ ગેરકાયદેસર રસ્તો અપનાવ્યો હોવાની વિગતો સામે આવી છે.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે, મોહમદ આમીર જાવીદ ખાનને પોતાના મિત્ર અગજાન (હાલ વોન્ટેડ)ની સાથે મળી ભારતીય નાગરિક બનવાનો પ્લાન ઘડ્યો હતો. કાવતરાના ભાગરૂપે જાવીદ ખાને પોતાનો જન્મસ્થળ તરીકે જાલના, મહારાષ્ટ્ર દર્શાવ્યું હતું અને જન્મતારીખ તા. ૦૪ જૂન ૧૯૮૩ દર્શાવી હતી. આ માટે આ ભેજાબાજે મહારાષ્ટ્રના જાલના મહાનગર પાલિકામાંથી નકલી જન્મ પ્રમાણપત્ર પણ બનાવડાવ્યું હતું.આ નકલી જન્મ પ્રમાણપત્રનો ઉપયોગ કરીને તેણે આધાર કાર્ડ, પાન કાર્ડ, મતદાર ઓળખપત્ર (ચૂંટણી કાર્ડ) અને ભારતીય પાસપોર્ટ પણ બનાવી લીધા હતા. આ ચારેય દસ્તાવેજો ભારતીય ઓળખ પ્રણાલી માટે અત્યંત સંવેદનશીલ છે. જોકે ૨ મહિના બાદ તેને નકલી દસ્તાવેજો બનાવ્યા હોવાનું કાવતરું ખુલ્લું પડ્યું છે. ત્યારે આ પોલીસે હવે આ મામલે IPC અને પાસપોર્ટ એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરી છે.ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ, આરોપી સામે હાલ IPC હેઠળ નકલ, છેતરપિંડી અને કાવતરાની કલમો તથા Indian Passport Act-૧૯૬૭ની કલમ ૧૨(૧) હેઠલ ગુનો નોંધાયો છે, ત્યારે હાલની પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મૂળ અફઘાનિસ્તાનના જાદેવે ૧૯ ડિસેમ્બર ૨૦૨૪થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ વચ્ચે આ આખી ઘટનાને અંજામ આપ્યો હતો.આટલું જ નહીં, આ કેસમાં સામેલ જાદેવ સાથે સામેલ તેના મિત્ર અગજાન સહિત અન્ય સંડોવાયેલા લોકોની શોધખોળ પોલીસે શરૂ કરી છે.

શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના

# કડીઃ હોમવર્ક ન લાવતા શિક્ષકે લાફા મારી સજા કરતા વિદ્યાર્થીએ સ્કૂલના બીજા માળેથી છલાંગ લગાવી

**આ બાળકને ઠંડી લાગી રહી હોવાની ફરિયાદ કરવા છતાં પાંચમાં પિરિયડ સુધી બધા શિક્ષકોએ ક્લાસરૂમમાં બેસવા દીધો ન હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મહેસાણા,તા.૨૧**
કડીમાં આવેલી હોલી ફેમિલી સ્કૂલમાં શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. માત્ર હોમવર્ક ન લાવવા જેવી બાબતે શિક્ષકો દ્વારા ધોરણ-૬ ના વિદ્યાર્થીને માર મારી ક્લાસની બહાર કાઢી મૂકતા અપમાનિત થયેલા વિદ્યાર્થીએ સ્કૂલના બીજા માળેથી પડતું મૂકીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. આ ઘટનામાં વિદ્યાર્થીને ગંભીર ઈજાઓ પહોંચતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હોલી ફેમિલી સ્કૂલમાં ધોરણ-૬માં અભ્યાસ કરતો જીગ્નેશભાઈનો પુત્ર સ્કૂલમાં હોમવર્ક લઈને ગયો ન હતો. બુધવારે (૧૯ નવેમ્બરે) શિક્ષિકાએ તેને બીજા પિરિયડમાં ચાર લાફા મારીને સજા રૂપે કલાસરૂમની બહાર બેસાડી દીધો હતો. આ બાળકને ઠંડી લાગી રહી હોવાની ફરિયાદ કરવા છતાં પાંચમા પિરિયડ સુધી બધા શિક્ષકોએ ક્લાસરૂમમાં બેસવા દીધો ન હતો.

આખરે બાળકને લાગી આવતા ૧૦:૫૦ વાગ્યે શાળા સંકુલના બીજા માળેથી કુદી ગયો હતો. શાળા સંચાલકને જાણ થતા તેઓ આ બાળકને હોસ્પિટલ લઈ ગયા હતા. બાળકે જણાવ્યું હતું કે બીજા પિરિયડમાં ટીચરે મને ચાર લાફા માર્યા અને ક્લાસરૂમની બહાર કાઢી મુક્યો હતો. એક પિરિયડ બાદ હું ફરી ક્લાસમાં ગયો તો બીજા ટીચરે મને ફરી એક લાફો મારીને કહ્યું કે અંદર કેમ આવ્યો, આ તારા બાપના બગીચો છે? હું ક્લાસ ટીચરને પૂછવા બીજા ક્લાસરૂમમાં ગયો તો ટીચરે ધક્કો મારી બહાર કાઢી મુક્યો હતો.

પાંચમા પિરિયડ સુધી મને બહાર રાખતા મને ખોટું લાગ્યું અને હું ઉપરથી કુદી ગયો હતો.

તેના પગે ઈજા થઈ હતી અને એક્સરે કરાવતા ખબર પડી કે પગમાં ફ્રેક્ચર થયું છે. આ શિક્ષકો સામે પગલાં લેવામાં આવે તેવી બાળકના પિતાએ માંગ કરી છે. બાળકના પિતાએ કડી પોલીસ સ્ટેશનમાં શાળાના શિક્ષકો આચાર્ય અને ટ્રસ્ટીઓ સામે અરજી કરી છે.

હોલી ફેમિલી સ્કૂલના શાળા સંચાલક બાબુ એસ. નાયરે જણાવ્યું કે બુધવારે સવારે એક શિક્ષકે આવીને કહ્યું કે એક બાળક ઉપરથી પડી ગયું છે. તેને હું દવાખાને સારવાર માટે લઈ ગયો હતો. આ બાળક તેની જાતે જ ઉપરથી કૂદી ગયો હતો.

કોઈ શિક્ષક કે અન્ય બાળકે કોઈએ ધક્કો માર્યો નથી. બાળકને શિક્ષિકા દ્વારા ટોર્ચર કરવા અંગેના સવાલ પર આચાર્યએ કહ્યું કે શિક્ષિકાએ તેને સજારૂપે હોમવર્ક લખવા માટે બહાર બેસાડયો હતો.


**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**
**Land Section Collectorate, Diu**
**Notice Under Section 21**
Additional Land Acquisition of Pvt Land from Malala Junction to Bhucharwada Fatak Strengthening and Widening of NH 251 from KM 11 00 to KM 22 770 at Diu District
**No.65-05-LAQ-2022-23/1906 dated 18.11.2025**
**Note: Details can be downloaded from** https://tinyurl.com/2byrm79p
or by scanning the QR code
**Office of the Collector, Diu**
No. IP/DMN/2/5/2025-26/951, Dated: 21/11/2025



torrent POWER DNHDD
**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**
ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૮:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૬/૧૧/૨૦૨૫ બુધવાર | મસાટ | ૬૬/૧૧ કેવી મસાટ એસએસ સાથે જોડાયેલા બધા ગ્રાહકો | ૬૬/૧૧ કેવી મસાટ એસએસ વિસ્તારના બધા ગામો/વિસ્તારોઃ સામરવર્ણી વિસ્તાર, મસાટ વિસ્તાર, કુડાચા વિસ્તાર, સાયલી વિસ્તાર એક્સપ્રેસ ફીડર્સઃ ૬૬/૧૧ કેવી મસાટ એસએસના બધા એક્સપ્રેસ ફીડર્સ ૬૬ કેવી ગ્રાહકઃ ૬૬ કેવી બીકેલોન મસાટ |

**અસુવિધા બદલ દિલગીર છીએ**
**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**
**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com



**JAWAHAR NAVODAYA VIDYALAYA, DAMAN**
(An Autonomous Organization under the Ministry of Education, Govt. of India)

**TENDER NOTICE**

Sealed quotations are invited from interested vendors/scrap dealers for the **sale of Library Scrap Books** on **"as is where is" basis** at PM SHRI, Jawahar Navodaya Vidyalaya, Daman. The rates should be quoted **per kilogram (kg)** for the scrap books. The vendor shall have to visit the Vidyalaya premises to inspect the scrap books before quoting the rates. The scrap material will be sold to the highest rate quoted bidder.

The successful bidder will have to lift the scrap books at their own cost immediately after the approval of the competent authority. Tender forms can be obtained from the office of the undersigned during office hours on all working days from 24-11-2025 to 08-12-2025 on payment of Rs. 100/- (nonrefundable). Each tender must accompany an **Earnest Money Deposit (EMD) of Rs. 1000/- in the form of Demand Draft drawn in favour of "Principal, JNV Daman" payable at SBI, Daman Branch.** Tenders without EMD will be summarily rejected. Tenders should be submitted in a sealed envelope, superscribed as "Tender for Purchase of Library Scrap Books". Tender should reach the undersigned on or before 08-11-2025 (5.00 PM) at the Office of the Principal. PM SHRI Jawahar Navodaya Vidyalaya, Daman (U.T. of DNH & DD) The tender will be open in the chamber of Principal JNV Daman on 10-12-2025 at. 11.00 am. The undersigned reserves the right to reject any or all Tender without assigning any reason. Payment should be made in full before lifting the scrap.

**(Principal)**
Jawahar Navodaya Vidyalaya,
Daman. U.T. of DNH, DD



torrent POWER DNHDD
**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**
ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૩૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૬/૧૧/૨૦૨૫ બુધવાર | સિલ્લી | ૧૧ કેવી કિલવાની રૂરલ | બોંટા ડુંગરીપાડા ડબલ્યુટીપી, બોંટા શનિદેવ મંદિર, બોંટા બોરસપાડા, બોંટા આયુષ્યમાન ભારત, બોંટા ડુંગરીપાડા, બોંટા કણબીપાડા, બોંટા કુવાપાડા, બોંટા ડબલ્યુટીપી, બોંટા કોંડાપાડા, મોટા રાંધા ચોકીપાડા, મોટા રાંધા ચોકીપાડા ડબલ્યુટીપી, મોટા રાંધા માહલપાડા, મોટા રાંધા ચાર રસ્તા, મોટા રાંધા ખોરીપાડા, મોટા રાંધા પારસીપાડા, મોટા રાંધા બર્મલ માર્કેટ, મોટા રાંધા વાગનપાડા, મોટા રાંધા ભોયાપાડા-૧, મોટા રાંધા ભોયાપાડા-૨, નાના રાંધા જીઈપીએલ, નાના રાંધા નવી નગરી, નાના રાંધા ડુંગરીપાડા, નાના રાંધા બિજોરીપાડા, સૂર્યા જૂનો કિલ્લો, પર્લ થર્મોપ્લાસ્ટ |

**અસુવિધા બદલ દિલગીર છીએ**
**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**
**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com



વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

### પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયા અને મહામંત્રી જીગ્નેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં

# દમણ જિલ્લાની ગ્રામ પંચાયતોના નવનિર્વાચિત સરપંચો અને સભ્યોના આદર-સત્કાર માટે કાઢવામાં આવ્યું વિજય સરઘસ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૧**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજેતા બનેલા જિલ્લાં પંચાયતના સભ્યો અને ગ્રામ પંચાયતના સરપંચોને આજે પ્રશાસનિક નિર્દિષ્ટ અધિકારીઓ દ્વારા પદ અને ગોપનિયતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

શપથ વિધિ બાદ દમણ જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોના ભાજપના પ્રતિક ઉપર ચૂંટાયેલા સરપંચો અને સભ્યોના આદર-સત્કાર માટે વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરીયા અને મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહી મરવડ, ઘેલવાડ, દાભેલ, પટલારા, વરકુંડ, આંટિયાવાડ અને પરીયારી ગ્રામ પંચાયતના નવનિર્વાચિત સરપંચોને અભિનંદન પાઠવ્યા હતા.

# દાદરા નગર હવેલીની તમામ ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યોએ લીધેલા પદ અને ગોપનિયતાના શપથ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૧**

દાદરા નગર હવેલી જિલ્લા પ્રશાસન દ્વારા આજે જિલ્લાની તમામ ૨૬ ગ્રામ પંચાયતોના સરપંચો અને પંચાયત સભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. સવારે ૧૦:૩૦ વાગ્યાથી જુદા જુદા સમયે વિવિધ પંચાયતોમાં શપથ લેવાના કાર્યક્રમનો આરંભ કરાયો હતો.

પ્રશાસન દ્વારા નિયુક્ત નોડલ ઓફિસરોએ નિર્દિષ્ટ સમયમાં પંચાયત કાર્યાલય પહોંચી લોકશાહીના મહાપર્વની અંતિમ પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. દાદરા નગર હવેલીની તમામ ગ્રામ પંચાયતોમાં સરપંચોની સાથે તમામ પંચાયત સભ્યોએ પણ શપથ ગ્રહણ કરી લોકો દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીને આગામી પાંચ વર્ષમાં સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે નિભાવવાની ખાત્રી આપી હતી.

# દાભેલના સરપંચ અને સભ્યોએ પદ અને ગોપનિયતાના લીધેલા શપથ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૧**

આજે દાભેલ ગ્રામ પંચાયતના નવનિર્વાચિત સરપંચ શ્રીમતી હેમાક્ષીબેન કનુભાઈ પટેલ તથા તમામ ગ્રામ પંચાયત સભ્યોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રશાસન દ્વારા નિર્દિષ્ટ અધિકારીએ પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. આ અવસર પર ગામના વરિષ્ઠ નાગરિકો, સમાજસેવી મિત્રો અને ગ્રામજનો ઉપસ્થિત રહી અને નવા સરપંચ તથા સભ્યોને શુભકામનાઓ પાઠવી હતી.

# વાપીના ડુંગરાથી ૪૪ વર્ષીય લીલા ચૌધરી ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૧:** વાપીના ડુંગરા ખાતે હરિયા પાર્કમાં શુભમ એપાર્ટમેન્ટમાં રૂમ નં. એ - ૧૦૪માં રહેતા દિનબંધુ ભરતભાઈ ચૌધરી (મૂળ રહે. ગામ-મનકી, પોસ્ટ- ગરઘરબ્રાઉ, થાના-બગેનગોલા, જિ.બક્સર, બિહાર)ની ૪૪ વર્ષીય પત્ની લીલા તા. ૧૪/૧૧/૨૦૨૫ના રોજ સાંજે ૪ કલાકે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક નીકળી હતી, જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી પતિ દિનબંધુ ચૌધરીએ પત્ની લીલા ગુમ થઈ હોવાની જાણ ડુંગરા પોલીસ મથકે કરી હતી. લીલા શરીરે પાતળો બાંધો, ઘઉવર્ણ અને પાંચ ફૂટ ચાર ઈંચ ઉંચાઈ ધરાવે છે. જેણે લીલા કલરનો પંજાબી ડ્રેસ પહેર્યો હતો. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.



# સેલવાસમાં આરસેટી દ્વારા મહિલા બ્યુટીપાર્લર ટ્રેનિંગ બેચનો શુભારંભ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૧**

સ્વરોજગાર વિકાસ સંસ્થા રૂરલ સેલ્ફ એમ્પ્લૉયમેન્ટ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ(આરસેટી) દ્વારા સેલવાસમાં મહિલા બ્યુટીપાર્લર ટ્રેનિંગ બેચનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બેંક ઓફ બરોડા દ્વારા સંચાલિત દાદરા નગર હવેલીના સ્થાનિક લોકોને વિવિધ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવે છે. જેના ભાગરૂપે સેલવાસમાં ખાસ મહિલાઓને સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી બ્યુટીપાર્લરની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જેમાં બ્યુટીપાર્લરના અલગ અલગ પ્રકારના કામો શીખવવામાં આવશે.

આજના શુભારંભ પ્રસંગે વુમન ગાર્મેન્ટ્સના ડી.એસ.ટી. શ્રીમતી તસ્લીમ, બ્યુટીપાર્લર ડી.એસ.ટી. શ્રીમતી દિપાલી અને સેલવાસ આરસેટીના નિર્દેશક શ્રી વિશાલ કડી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ટ્રેનિંગના માધ્યમથી મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આરસેટી દ્વારા યોજવામાં આવતા વિવિધ પ્રકારની રોજગારલક્ષી તાલીમ કાર્યક્રમ એ ગ્રામીણ મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. આ અવસરે આરસેટીના નિર્દેશકશ્રીએ મહિલાઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, આ અવસર ફક્ત હુન્નર શીખવાનો જ નથી, પરંતુ પોતાના પગ પર ઉભા રહવાનું આત્મબળ પણ આપે છે. આજના તાલીમના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત દરેક સેવાભાવીઓએ ઉમેદવારોની સફળતા માટે પ્રેરિત કરી ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.

### પંચાયતી રાજ સચિવ નિખિલ દેસાઈએ

# દાનહ જિલ્લા પંચાયત સભ્યોને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી પદ અને ગોપનિયતાના લેવડાવ્યા શપથ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૨૧**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ આજે દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતના ચૂંટાયેલા તમામ ૨૬ સભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા.

દાનહ જિલ્લા પંચાયતના સભાખંડમાં આજે સંઘપ્રદેશના પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ દમણથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રારંભમાં પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ તમામ નવા ચૂંટાયેલા જિલ્લા પંચાયત સભ્યોને શુભેચ્છા પાઠવી હતી અને જિલ્લા પંચાયતના સભ્ય તરીકે તેમની જવાબદારીઓ અને કાર્ય વિશે ટૂંકમાં માહિતી પણ આપી હતી. તેમણે ભારત સરકારની વિવિધ યોજનાઓના સફળ કાર્યાન્વયન અને પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યકલાપને સમજવા માટે તાલીમ શિબિરનું પણ આયોજન હાથ ધરવાના હોવાની જાણકારી આપી હતી.

પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ તમામ ૨૬ સભ્યોને એક પછી એક ક્રમશઃ શપથ ગ્રહણ કરાવ્યા હતા.

# દીવ જિ.પં. સભ્યો તથા બુચરવાડા અને ઝોલાવાડી ગ્રા.પં.માં નવા ચૂંટાયેલા સરપંચોએ શપથ ગ્રહણ કર્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા.૨૧**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના નવા ચૂંટાયેલા જિલ્લા પંચાયત સભ્યો તથા બુચરવાડા અને ઝોલાવાડી ગ્રામ પંચાયતના સરપંચો અને સભ્યોએ પદ અને ગોપનિતાના શપથ ગ્રહણ કર્યા હતા. આજે સવારે ૧૦:૩૦ કલાકે બુચરવાડા ગ્રામ પંચાયત ખાતે સરપંચ અને આઠ સભ્યોએ, ૧૧:૩૦એ ઝોલાવાડી ગ્રામ પંચાયત ખાતે એક સરપંચ અને આઠ સભ્યો તથા ૧૨:૩૦ જિલ્લા પંચાયત ખાતે આઠ સભ્યોને સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા અધિકૃત કરાયેલા અધિકારીઓએ વિધિવત શપથ લેવડાવ્યા હતા.



આ પ્રસંગે દીવ જિ.પં.ના સભ્યોને દમણથી પંચાયતી રાજ સચિવ શ્રી નિખિલ દેસાઈએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે સીઈઓ શ્રી શિવમ મિશ્રા, મામલતદાર શ્રી અને ભાજપના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# દમણના બસ સ્ટેન્ડને હંગામી ધોરણે દમણ સરકારી કોલેજની સામે ખુલ્લી જગ્યામાં ખસેડવામાં આવ્યું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા.૨૧**

દમણ પરિવહન વિભાગના સંયુક્ત સચિવશ્રીએ એક જાહેર નોટિસ જારી કરીને જણાવ્યું છે કે હાલના બસ સ્ટેન્ડને નાની દમણથી સરકારી કોલેજ, નાની દમણની સામેની ખુલ્લી જગ્યામાં હંગામી ધોરણે ખસેડવામાં આવી રહ્યું છે.

જાહેર નોટિસમાં જણાવાયું છે કે નાની દમણમાં નવા બસ સ્ટેન્ડના નિર્માણને કારણે અને બસ સ્ટેન્ડ નજીક ટ્રાફિક જામ ટાળવા માટે, પરિવહન વિભાગે હાલના બસ સ્ટેન્ડને નાની દમણથી સરકારી કોલેજ, નાની દમણની સામેની ખુલ્લી જગ્યામાં હંગામી ધોરણે ખસેડ્યો છે. હવેથી, તમામ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન અને સ્ટેજ કેરેજ બસો આગામી સૂચના સુધી સરકારી કોલેજ, નાની દમણની સામેની ખુલ્લી જગ્યામાંથી ચાલશે.

# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈનો વલસાડ જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૧**

રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તા.૨૨/૧૧/૨૦૨૫ના રોજ શનિવારે સવારે ૮-૩૦ કલાકે વાપી મહાનગરપાલિકા કચેરી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સરદાર@૧૫૦ યુનિટી માર્ચ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયેથી મત વિસ્તારની મુલાકાત લેશે. તા. ૨૩/૧૧/૨૦૨૫ના રોજ રવિવારે વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા પારડી ને.હા.નં. ૪૮ પર જુની મામલતદાર ઓફિસની બાજુમાં આવેલા ધીરૂભાઈ નાયક હોલમાં સવારે ૧૦ કલાકે યોજાનાર આયુષ નિદાન સારવાર કેમ્પ અને આયુષ મેળામાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ પૂર્ણ થયેથી વાપી જવા રવાના થશે અને મત વિસ્તારની મુલાકાત લેશે. તા. ૨૪/૧૧/૨૫ને સોમવારના રોજ વાપી નિવાસ સ્થાનથી સવારે ૭-૩૦ કલાકે વાપી રેલવે સ્ટેશન જવાના રવાના થશે અને વંદે ભારત ટ્રેન દ્વારા અમદાવાદ કાલુપુરથી ગાંધીનગર જવા રવાના થશે.